અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૦-૧-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૧૩૭

Sheetal
ANY TIME
Sheetal Noodles
© 73000 51000

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

## અમરેલી જિલ્લામાં સાંસદ ખેલ સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાશે (પાના નં. ૫ ઉપર)

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
રૂા.૫૫,૨૯૦
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

પ્રવેશ જાહેરાત 2024/25
જવાહર નવોદય & સૈનિક સ્કૂલ તાલીમ વર્ગ
પ્રવેશ પરીક્ષાની તૈયારી હોસ્ટેલ સાથે
હોસ્ટેલ ભાઇઓ તથા બહેનો માટે
ધો. 3,4,5,6,7,8 માટે પ્રવેશ શરૂ.....
ગુજરાતની નંબર 1 સંસ્થા
અમરેલી
લાઠી રોડ,બાયપાસ ચોકડી પાસે
ટયુશન કલાસ સ્કૂલનું શિક્ષણ સૈનિક સ્કૂલ સાથે
(CET)
● સૈનિક સ્કૂલ
● જ્ઞાનશક્તિ સ્કૂલ
● રક્ષાશક્તિ
● મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ
રોહિત જોષી
Mo.94294 33031, 9067 606698
રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત : 94294 33031

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
Divy
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
નાના બાળકોના તમામ દાંત અને પેઢા
ઓછા ખુલતા મોઢાની સારવાર.
પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.




જલારામ સુઝુકી ચિતલ રોડ, અમરેલી મો. ૭૩૮૩ ૪૩૮૩ ૪૫ | જલારામ સુઝુકી - ધારી મો. ૭૫૬૭૨ ૪૫૨૯૦
Fo : સાંઇ સુઝુકી - લાઠી મો.૯૮૨૫૨ ૦૭૦૯૨ | રોયલ સુઝુકી - સાવરકુંડલા મો.૯૭૨૩૨ ૩૯૭૮૧ | જલારામ સુઝુકી - રાજુલા મો.૮૦૦૦૦ ૮૮૦૭૦




Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli.
10:00am to 11:00pm

SHREE KHODAL DHAM KAGWAD
॥ જય સરદાર ॥
॥ જય ભોજલરામ ॥
ચાલો ભૂમિદાન માટે સંકલ્પબધ્ધ થઈએ...
શ્રી ખોડલધામ
ભક્તિ દ્વારા એકતાની શક્તિ
શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નિર્મિત થનાર
સર્વ સમાજ માટે અત્યાધુનિક કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર
ભૂમિપૂજન
તારીખ : ૨૧-૦૧-૨૦૨૪, રવિવાર
સમય : સવારે ૦૭:૦૦ કલાકે
સ્થળ : શ્રી ખોડલધામ મંદિર - કાગવડ
દરેક સમાજનાં આગેવાનો તેમજ યુવાનોને આ ભૂમિપૂજનમાં તેમજ શ્રી ખોડલધામ-કાગવડ મુકામે મહાસભામાં જોડાવવા ભાવભર્યુ નિમંત્રણ છે.



હડમતાળા ઈન્ડ. એસોસિએશન
શાપર-વેરાવળ ઈન્ડ. એસોસિએશન
મેટોડા GIDC ઈન્ડ. એસોસિએશન
રાજકોટ એન્જિનિયરીંગ એસોસિએશન
રાજકોટ બિલ્ડર્સ એસોસિએશન
લોઠડા-પડવલા-પીપલાણા એસોસિએશન
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ
રાજકોટ હાર્ડવેર મેન્યુ. એસોસિએશન
સિલ્વર કાસ્ટિંગ એસોસિએશન
વાવડી ઈન્ડ. એસોસિએશન
રાવકી ઈન્ડ. એસોસિએશન
કુવાડવા ઈન્ડ. એસોસિએશન
રાજકોટ ઈમિટેશન એસોસિએશન
રાજકોટ કીચનવેર એસોસિએશન
સાવલીયા પરિવાર
અકબરી પરિવાર
ટીલાળા પરિવાર
રંગાણી પરિવાર
વઘાસીયા પરિવાર
રાજકોટ ડેરી એસોસિએશન
શંખારવા પરિવાર
ગઢીયા પરિવાર
@ShreeKhodaldham @shreekhodaldhamtrust
L'Aquila Promos - 9727700552

### અયોધ્યામાં રામલ્લાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત

# માળીલા ગામે ભવ્ય ધર્મ મહોત્સવ

## શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી અશ્વિનભાઈ સાવલીયા, શ્રી પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો-સુરતવાસીઓ તેમજ આજુબાજુના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે

અમરેલી,

દેશ માટે ગૌરવની ક્ષણ એવા અયોધ્યાખાતેઆગામી ૨૨-જાન્યુઆરીના રોજ રામલ્લાના રામ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સનેવધાવવાસમગ્રદેશથનગની રહયો છે આ મહોત્સવમા અમરેલી તાલુકાનું નાનુ એવુ માળીલા ગામ અનોખી રીતે ઉજવણી કરીનેઅયોધ્યામહોત્સવમાઘરબેઠાસામેલ થાય તે અંગેનું ભવ્ય આયોજન કરવામા આવેલછે.

માળીલા ખાતે તા. ૨૧-જાન્યુઆરી ને રવિવારના રોજ રાત્રીના ૦૯-૩૦આયોજીતલોકડાયરામાઅરવિંદ બારોટ એન્ડ ગ્રુપ કલાપ્રસ્તુતી કરી ડાયરો ડોલાવશે.તા.૨૨-જાન્યુઆરીનેસોમવારના રોજસવારના૦૯-૦૦કલાકેશોભાયાત્રા, ૧૦-૦૦ કલાકે ધર્મસભા તેમજ અયોધ્યા ખાતેના કાર્યક્રમનુંલાઈવટેલીકાસ્ટપ્રસારણ, મહાઆરતીઅનેગામધુમાડાબંધમહાપ્રસાદ વિગેરે કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમા માળીલાના વતની ઈફકો-એનસીયુઆઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીના ચેરમેનઅશ્વિનભાઈસાવલીયા,સારહીયુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિતના મહાનુભાવો અને વિશાળ સંખ્યામા ગ્રામજનો - સુરતવાસીઓ તેમજ આજુબાજુના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમ અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.

# ૨૧મીએ ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ખાતમુહૂર્ત

## મોટી સંખ્યામાં અમરેલી જીલ્લામાંથી ભક્તજનો ખોડલધામ મંદિર કાગવડ પહોંચશે : તડામાર તૈયારી

અમરેલી, સમગ્ર લેઉવા પટેલ સમાજના આસ્થાનું પ્રતિક એવા ખોડલધામ મંદિરને આગામીતા.૨૧ જાન્યુઆરીનારોજસાતવર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાંછે. આપ્રસંગે ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિ પૂજન લઈને ખોડલધામ મંદિરે તડામાર તૈયારીઓ શરૂ કરવામાંઆવીછે.ખોડલધામટ્રસ્ટદ્વારા ત્રણ સંકલ્પ લેવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય, શિક્ષણ અને કૃષિ તેમાંનું એક આરોગ્ય સંકલ્પનું રાજકોટના અમરેલી પાસેના ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ભૂમિ પૂજન ૨૧ જાન્યુઆરી રોજ થશે. આગામી ૨૧ જાન્યુઆરીએ વહેલી સવારમાં ખોડલધામ ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતીમાં ૭ દિકરીઓનાહસ્તેભૂમિપૂજનકરવામાંઆવશે. આ ભૂમિ પૂજનનું લાઈવ ટેલિકાસ્ટ કાગવડ ખોડલધામ મંદિરે ન્ઈઢ સ્ક્રિન ઉપર પણ બતાવવામાં આવશે, ભૂમિ પૂજન બાદ ખોડલધામમંદિરખાતેસવારે૯થી૧૧ વાગ્યા સુધી મહાસભાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. અંદાજીત બે લાખથી વધુ લેઉવા પટેલ સમાજ સહિત દેશ વિદેશથી ભક્તો ઉમટી પડશે, ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ એક મહિના સુધી દેશ વિદેશમાં આમંત્રણ આપવામાટેપ્રવાસ કર્યોહતો. જેમનેલઈનેહાલ ખોડલધામ મંદિર ખાતે સ્ટેજ, મંડપ સહિત કાર્યક્રમનીતડામારતૈયારીઓશરૂ કરીદેવામાં આવી છે, ૨૧ જાન્યુઆરીએ પાર્કિંગથી લઈને ત્રણથી ચાર હજાર જેટલા સ્વયંસેવકો ખડેપગે રહેશે.આપાટોત્સવઅનેકેન્સર હોસ્પિટલ ના ભૂમીપૂજનનેલઈ ભક્તોમાંઅનેરોથનગનાટ જોવામળીરહ્યોછે. રાજકોટનાઅમરેલીગામે કેન્સરની હોસ્પિટલ બનવા જઈ રહીછે. જેથી ખાસ કરીને સૌરાષ્ટ્રના કેન્સરગ્રસ્ત દર્દીઓને આગામી સમયમાં અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત થનાર છે.કાગવડ ખાતે યોજનાર કાર્યક્રમમાં ભાગ લેવા માટે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખોડલધામ કાગવડ જઈ કેન્સર હોસ્પિટલ ના ભૂમિપૂજનના સાક્ષી બનશે. ભક્તજનો બસ અને ખાનગી વાહનો દ્વારા ભુમીપૂજન કાર્યક્રમમાં પહોંચશે તેમ અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિ ના કન્વીનર સુરેશભાઈ દેસાઈની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# લાઠીના જાનબાઈની દેરડીની સીમમાં યુવાન ઉપર હુમલો

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

લાઠી તાલુકાના જાનબાઈની દેરડી ગામની સીમમાં મનિષભાઈ ધનજીભાઈ વણોદીયાઉ.વ. ૩૫એતેનાભાઈ વિજય ધનજીભાઈ વણોદીયા પાસે લગ્નમાં આપેલપૈસામાંગતાસારૂ નહીલાગતાવિજય ધનજીભાઈ , વનજી કુરજીભાઈ, મુકેશ ધનજીભાઈ વણોદીયાએ લાકડી અને પાઈપ વડે કાનના ભાગે મારમારી ઈજા કરી હાથની આંગળીમાં ફેકચર કરી એકબીજાએ મદદગારી કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દરેક ગામનાં સરપંચે આ કાર્ય કરવું જોઇએ

# કુંડલાનાં જીરા ગામનાં મહિલા સરપંચ શ્રી દક્ષાબેન દબાણ હટાવવા મેદાનમાં

## ગામનાં ગૌચરની જમીન માપણી પુર્ણ થઇ : હવે દબાણકારોનો વારો



સાવરકુંડલા, (સૌરભ દોશી)

ગામના મહિલાસરપંચદક્ષાબેન ગૌચરનીજમીનપરકરવામાંઆવેલાદબાણો દૂર કરવા મેદાને ઉતર્યા છે ગ્રામ પંચાયતની સત્તાનાહોદ્દોમળ્યોછેત્યારેએકમહિલાસરપંચ તરીકે તેમનું કર્તવ્ય નિભાવવા ડિજિટલ માપણીનોબેદિવસપહેલાપ્રારંભ કરાવ્યોહતો આજે તમામ ગૌચરની જમીનની માપણી પૂર્ણ થઈ છે. જીરા ગ્રામ પંચાયતના નીચે આવેલા ગૌચરની જમીનનું દબાણ દૂર કરવા નિયમ મુજબનીકાર્યવાહીહાથધરવામાંઆવીછેગ્રામ પંચાયત દ્વારા રૂપિયા ૫૭,૬૦૦ ની રકમ સરકારને જમા કરાવીને સરકારી ડિજિટલ માપણી કરવામાં આવી છે ગ્રામ પંચાયતના તલાટી તાલુકા પંચાયતના સર્કલ અને ડીઆરએલના અધિકારીઓની ઉપસ્થિતિમાં માપણીની કામગીરી હાથ ધરાઈ છે આવનારા દિવસોમાં જે લોકોએ દબાણો કર્યા છે ગૌચરની જમીનખુલી કરવા માટેની નોટિસ મોકલવામાં આવશે.તેમ તલાટી મંત્રીએ જણાવ્યુંહતું.

# સંકુલમાંથી અમરેલીની સગીરાને લલચાવી અપહરણ કરી બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ

## સંકુલમાંથી અપહરણ કરી ઘરે લઈ જઈ બળાત્કાર ગુર્જાયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

અમરેલીના સંકુલમાંથી સગીરાને લલચાવી ફોસલાવી તેણી સગીર હોવાનું જાણવા છતા લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી હરેશ રાજેશભાઈ પરમાર રહે. પ્રતાપપરાની સીમ તેના ઘરે લઈ જઈ બળાત્કાર ગુર્જાયાની સગીરાના પિતાએ અમરેલી તાલુકાપોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી તાલુકા કોંગ્રેસ ઓબીસીની બેઠક યોજાઇ

## બેઠકમાં પુર્વ વિપક્ષ નેતા શ્રી પરેશ ધાનાણીનું માર્ગદર્શન



અમરેલી,અમરેલી ખાતે તાલુકા કોંગ્રેસ ઓબીસીનાંકાર્યકરોનીમીટીંગઅમરેલીજિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે મળી હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી પ્રમુખ શ્રી રમેશભાઈ ગોહિલ, અમરેલી તા.કોંગ્રેસ ઓબીસી પ્રમુખ શ્રી કાળુભાઈ ગોહીલ, અમરેલી તા.કોંગ્રેસ પ્રમુખ શ્રી મનીષભાઈ ભંડેરી,અમરેલીજિ.કોંગ્રેસઓબીસીઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ બસીયા, શ્રી બાબુભાઈ ઓધડભાઈ, શ્રી છનાભાઈ સાકરીયા, પ્રમુખ બાબરા તા.કોંગ્રેસ ઓબીસી શ્રી રવજીભાઈ મકવાણા, ચિતલ શ્રી રાવતભાઈ ધાધલ, શ્રી નાથાભાઈ ડેર, શ્રી વિપુલભાઈ પોકીયા તથા અમરેલી તાલુકા કોંગ્રેસ ઓબીસી કાર્યકરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં છે. આ બેઠક પુર્વવિરોધપક્ષનાંનેતાશ્રીપરેશભાઈધાનાણીનાં માર્ગદર્શનમિટીંગમાંઅમરેલીતાલુકાનાંદરેક ગામમાં મિટીંગ અને નવા ઓબીસી કાર્યકરો બનાવવા જણાવવામાં આવેલ હતાં. તેમ રમેશભાઈ એસ ગોહિલપ્રમુખઅમરેલીજિલ્લા કોંગ્રેસ ઓબીસીએ જણાવ્યું છે.

# ડેડાણ શાળામાં અક્ષત કળશનું પુજન કરાયું



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ભગવાનશ્રી રામનાં મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થવા જઈ રહી છે તે અયોધ્યા ધામથી જે અક્ષત રૂપે કળશ આવેલ છે તેની પુજા હરેક હિન્દુનાં ઘરે તથા દરેક મંદિરમાં પુજા કરવામાં આવે છે. જે ડેડાણ માધ્યમિક શાળામાં અક્ષત કળશ આવતા તેમની પુજા કરવામાં આવી હતી.

### સુજલામ સુફલામ યોજના અન્વયે

# તળાવ ઉંડા ઉતારવાની કામગીરીને વહેલી મંજૂરી આપવા મુખ્યમંત્રીને રજૂઆત કરતા કૌશિક વેકરિયા



## તળાવ ઉંડા થતા જ જળ સંચયથી ખેડુતોને ફાયદો

અમરેલી, સરકાર દ્વારા દર વર્ષે સુજલામ સુફલામ યોજના અન્વયે રાજ્યભરના તળાવ ઉંડા ઉતારવાની કામગીરી કરવામાં આવે છે. જેક ।મગીરી ખેડૂતો માટે ખૂબજ ઉપયોગી કામગીરી છે. જેનાથી તળાવ ઉંડા થતા જ જળ સંચય થાય છે અને આવાત ફાવોની માટી ખેડૂતોના ખેતરોને નવસાધ્ય કરવામાં ઉપયોગી બને છે. આમ આ કામગીરીથી બેવડો ફાયદો થાય છે.પ્રતિ વર્ષે થતી આ કામગીરીમાં મંજૂરી જાનૂયુઆરી મહિનામાં જ મફી જાય તો આ કામગીરી વધુ પ્રમાણમાં થઈ શકે અને સમય સર સંપન્ન થઈ શકે. જેથી આ વર્ષે તળાવ ઉંડા ઉતારવાની રાજ્યવ્યાપી કામગીરી પ્રજાના હિતમાં વહેલી શરૂ કરવા અમરેલી ના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયાએ રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને રજૂઆત કરી છે.

# જીરા ડાભાળીમાં બેંકનાં બાકીદાર મનહરભાઇ શેલડીયાએ નાણા ભરપાઇ કરી દેવાતા જાહેર હરરાજી કેન્સલ કરાઇ

## બાકીદારે જિલ્લા બેંક પાસેથી લોન લીધી હતી

અમરેલી,અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક જીરા ડાભાળા શાખા તળેનાં બાકીદાર મનહરભાઈ નાનજીભાઈ શેલડીયાએ બેન્કની બાકી લોન ભરપાઈ ન કરતા તેમની પાસેથી રેવન્યુ રાહે વસુલાત કરવા માટે તેમની જમીનની તા.૧-૧-૨૦૨૪નાં જાહેર હરરાજી માટેની જાહેર નોટીસ બજાવવામાં આવેલ પરંતુ તા.૧૯-૧-૨૪નાં બાકીદાર તરફથી બાકી લોનનાં પૈસા ચુકતે ભરપાઈ કરવામાં આવતા તા.૩-૨-૨૪નાં જીરા ડાભાળા ગામે કરવામાં આવનાર જમીનની જાહેરહરરાજી કેન્સલ કરવામાંઆવેલ છેજેની જાહેર જનતાએ નોંધ લેવા જનરલ મેનેજર બીએસ કોઠીયાની યાદીમાં જણાવાયું છે.

Extra No. 4

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXV ] WEDNESDAY, JANUARY 10, 2024 / PAUSHA 20, 1945

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**સુચના**

**સચિવાલય, ગાંધીનગર, ૧૦ મી જાન્યુઆરી, ૨૦૨૪**

ગુજરાતની પાણી અને ગેસ પાઇપલાઇન (જમીનમાં વપરાશકર્તાનાં અધિકારનું સંપાદન) એકટ - ૨૦૦૦ વિભાગ - ૩ (૧) નં.જીએચ/એનજે/૨૦૨૪-૧૮/વીડબલ્યુએસ/ઇ-ફાઇલ/૧૩૨૦૨૩/૧૫૦૭૮/ખ.૪.આ જાહેરનામામાં જણાવેલ હિત સબંધ ધરાવનાર સર્વે ખાતેદારો કબજેદારોને આથી જણાવવામાં આવે છે કે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ (ગુજરાત સરકારની એક ઉપક્રમ) દ્વારા સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત પાઇપલાઇન પ્રોજેક્ટ, ધરાઇથી તા.બાબરા, જી.અમરેલી થી ગામ : ભેસાણ, તા.ભેસાણ, જિલ્લો જુનાગઢ (ધરાઇથી ભેસાણ એન.સી.-૩૬એ પ્રોજેક્ટ) સુધી પીવાના પાણીની બલ્ક પાઇપલાઇન નાખવી જરૂરી છે. ધરાઇથી ભેસાણ સેક્શનમાં આવી પાઇપલાઇન નાખવાના જાહેર હેતુસર આ સાથેની અનુસુચીમાં જણાવેલ જમીનમાં તેની સામે દર્શાવેલ જમીનમાંનો વપરાશી હક્ક સંપાદન (૨૫.૦૦ મીટર પહોળાઇમાં) કરવો જરૂરી છે. જમીનના માલીક અથવા કબજેદારના ઉપયોગકર્તાના હક્ક સંપાદની ઘોષણા પછી તે કાયદાની કલમ ૯ હેઠળ કરવામાં આવેલી જોગવાઇ મુજબ ખેતીના હેતુ માટે જમીનનો ઉપયોગ કરવા માટે હક્કદાર રહેશે. પાણીની પાઇપલાઇન જમીનનાં સ્તરથી ઓછામાં ઓછી ૧.૦૦ મીટર નીચે નાખવામાં આવશે.

તેથી હવે, ગુજરાત પાણી અને ગેસ પાઇપલાઇન (જમીનમાં વપરાશકર્તાના અધિકારનું સંપાદન) અધિનિયમ-૨૦૦૦ ની કલમ ૩ ની પેટાકલમ (૧) માં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી સતાનો ઉપયોગ કરીને સદરહુ સવાલવાળી જમીનમાં રાજપત્રમાં પ્રસિધ્ધ કરેલ જાહેરનામાથી તેમના વપરાશકારોના હક્ક સંપાદન કરવા માટે પોતાનો ઇરાદો જાહેર કરે છે. ઉપરાંત હયાત ચાવંડ ઇમરજન્સી પાઇપલાઇન એલાઇનમેન્ટ પરની જમીનમાંનો વપરાશી હક્ક સંપાદન કરવાના બાકી રહેતા સર્વે નંબરને પણ આવકારી લીધેલ છે.

ઉપરોક્ત સુચીમાં વર્ણવેલ જમીનોનાં વપરાશકારોના હક્ક સંપાદન કરવા અંગે વાંધો હોય તો ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલા જાહેરનામાની નકલ સાથે નોટીસ મળ્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં આ બાબતે કોઇ વાંધો હોય તો તે કારણોસહ લેખીતમાં સિનિયર મેનેજર અને સક્ષમ અધિકારી, એનસી-૩૬એ પ્રોજેક્ટ, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ. જલ ભવન, સર્કિટ હાઉસ સામે, ધારેશ્વર, નવાગઢ, જેતપુર-૩૬૦૩૭૫ જિ.રાજકોટને રજુ કરવા.

| ૩ (૧) અનુસૂચિ | | | |
|---|---|---|---|
| જિલ્લો : અમરેલી | | | રાજ્ય : ગુજરાત |
| ક્રમ નં. | ગામ | તાલુકો | સર્વે નં./બ્લોક નં.(લગત પૈકી નં. સહિત) |
| ૧ | ધરાઇ | બાબરા | ૯૩,૯૬,૧૦૨ |
| ૨ | દેવળીયા મોટા | બાબરા | ૨૨૮,૨૨૧,૨૨૬,૨૧૮,૨૧૯,૮૭,૮૫,૮૪,૮૬ |
| ૩ | ખીજડીયા કોટડા | બાબરા | ૪૮૬,૪૮૫,૫૦૯,૫૧૦,૫૧૧,૫૧૨,૫૧૩,૫૧૪,૫૧૫,૫૧૬,૫૨૨, ૫૨૮,૪૧૨,૪૫૩,૫૨૯,૪૩૩,૪૩૪,૪૧૪,૪૧૫,૪૧૧,૪૦૯,૪૦૬ |
| ૪ | ફુલઝર | બાબરા | ૯૨,૯૩,૯૪,૯૫,૯૬,૯૭,૯૮,૯૯,૧૦૦,૧૦૧,૧૦૨,૧૦૩, ૧૦૪,૧૦૫,૧૧૮ |
| ૫ | દેવગામ | કુંકાવાવ વડીયા | ૨૨૭,૨૨૮,૨૨૯,૨૩૦,૨૩૧,૨૩૨,૨૩૩,૨૩૪,૨૫૪,૧૦૨, ૨૬૧,૨૯૪,૨૬૨,૨૭૪,૨૬૩,૨૭૮,૨૭૬,૨૭૭,૨૮૦,૨૮૮,૨૮૨,૨૮૪, ૨૮૬,૮૩,૮૯,૭૯,૧૧,૧૨,૧૩,૧૪,૯૩,૧૭,૨૦,૨૪,૨૩,૨૯,૨૮૧,૮૬ |
| ૬ | બાંભણીયા | કુંકાવાવ વડીયા | ૫૩,૮૪,૮૨,૮૧,૮૯/૨,૯૩,૯૪,૯૬,૯૭,૧૧૧,૧૧૮,૧૧૯,૧૨૦,૧૫૧, ૧૪૯,૧૫૦,૧૩૭,૧૩૮,૮૫,૮૯/૧,૯૯,૧૪૮ |
| ૭ | સનાળા | કુંકાવાવ વડીયા | ૪૦,૪૧,૪૨,૩૯,૪૩,૪૪,૩૮,૩૫,૩૬,૩૩,૩૪,૨૩,૩૦,૩૧, ૨૮,૨૬,૨૪,૧૭,૧૪,૧૩,૭૫,૭૪,૯૨,૯૦,૮૮,૮૭,૮૪ |
| ૮ | ભાયાવદર | કુંકાવાવ વડીયા | ૬૦,૬૧,૬૨,૬૩,૬૪,૬૬,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૩,૨,૧,૪,૫, ૪૫,૪૭,૮૧,૮૦,૭૯,૭૮,૭૭,૭૫,૭૬,૭૨,૭૧,૬૯,સ્ટેટ હાઇવે ક્રોસિંગ |
| ૯ | ઉજળા મોટા | કુંકાવાવ વડીયા | ૧૯૫,૧૯૩,૧૮૫,૧૮૬,૧૮૭,૧૭૧,૨૦૫,૨૦૬,૧૮૮,૧૯૧,૧૬૭,૧૬૯,૧૭૦ ૧૫૩,૯૯,૧૦૪,૧૦૭,૧૦૮,૧૦૯,૧૧૦,૧૧૨,૧૧૩,૧૧૪,૧૧૫,૭૬,૭૫ ૧૧૯,૧૧૭,૧૧૮,૭૭,૧૦૫,૧૩,૧૪,૮,૬,૩,૨૧૩,૧૧,૯૫,૯૪,૭૮,૮૦ સ્ટેટ હાઇવે ક્રોસિંગ |
| ૧૦ | અનિડા | કુંકાવાવ વડીયા | ૯૨,૯૩,૯૬,૯૫,૭૬/૧,૭૬/૨,૭૩,૬૦/૧,૫૯/૨,૫૯/૧,૯, ૧૦,૧૧,૧૨,૧૩,૧૦૮,૫૩,૫૮ |
| ૧૧ | સુર્યપ્રતાપગઢ | કુંકાવાવ વડીયા | ૧૬૩,૧૪૨,૧૬૧,૧૬૫,૧૫૯,૧૫૫,૧૪૮,૧૪૭,૧૪૫,૧૪૪,૧૪૩,૧૩૩ |
| ૧૨ | અરજણસુર | કુંકાવાવ વડીયા | ૧૧૮,૧૧૯,૧૨૦,૧૨૩,૧૨૮,૧૨૯,૧૪૫,૧૪૬,૧૪૮,૧૪૯ |
| ૧૩ | ખાખરીયા | કુંકાવાવ વડીયા | ૫૦/૧,૫૦/૨, ૫૦/3, ૪૯, ૫૦/૪, ૫૦/૫, ૧૬, ૧૭, ૪૫, ૪૦,૩૯, ૩૮, ૩૬, ૩૫,૩૪ રેલ્વે ક્રોસિંગ નેશનલ હાઇવે ક્રોસિંગ |
| ૧૪ | ખડખડ | કુંકાવાવ વડીયા | ૨૯,૩૦,૩૧ |
| ૧૫ | મોરવાડા | કુંકાવાવ વડીયા | ૭,૩,૨૨૩,૨૨૪,૨૨૮,૨૨૯,૨૦૭,૨૦૬,૧૫૭,૧૫૫,૧૪૭,૧૪૯,૧૩૬,૧૨૯,૧૩૦,૧૩૨,૬ |
| ૧૬ | વડીયા | | ૨૫,૨૯,૧૬,૨૮,૩૧,૭,૪/૨,૪/૧,૧,૫,૩૬૯,૩૧૫,૩૧૧,૩૦૭,૩૦૬,૩૦૩, ૩૦૫,૩૦૨,૩૦૪,૨૫૫/૧,૨૫૬,૨૨૪,૨૬૯,૧૯૬,૧૯૨,૨૩,૨૪/૧,૨૪/૨,૬ ૮,૩૬૮,૩૧૬,૩૧૦,૩૦૯,૩૦૫,૩૦૪,૩૦૧,૨૬૮,૨૭૦,૨૭૧,૨૭૨,૧૯૫,૧૯૩, ૧,૧૦,૧૧,૧૨,૨૩ કોતર |
| ૧૭ | ખીજડીયા હનુમાન | કુંકાવાવ વડીયા | ૧૭૩,૧૭૪,૧૭૫,૧૭૬,૧૭૯,૧૭૭,૧૮૧,૧૮૦,૧૮૨,૩,૧૮૪,૬૪૮,૬૩૯,૬૪૦,૬૩૭ ૬૩૬,૫૮૩,૬૩૦,૬૨૯,૬૨૮,૬૨૬,૬૨૫,૨૯૩,૨૯૫,૨૯૬,૨૯૯,૩૦૫,૩૦૬,૩૧૦ ૩૧૧,૨૫૭,૨૫૮,૨૫૬,૨૫૫,૨૯૮,૫૮૫,૬૨૪,૩૦૭, કેનાલ ક્રોસિંગ |
| | જિલ્લો : જુનાગઢ | | રાજ્ય : ગુજરાત |
| ૧૮ | સાંકરોલા | ભેસાણ | ૩૮૫,૩૮૪,૩૭૮,૩૭૬,૩૭૫,૩૭૪,૩૭૨,૩૭૩,૩૭૦,૩૭૧, ૩૬૯,૩૦૭,૩૦૮,૩૦૨,૩૦૩,૩૦૪,૩૦૫,૩૦૬,૨૯૧,૨૯૭ |
| ૧૯ | હડમતીયા ખજુરી | ભેસાણ | ૧૬૭,૧૪૧,૧૪૨,૧૭૫,૨૧૪,૩૧૨,૨૧૮,૫૮૬,૨૨૬,૨૧૩,૨૨૭, ૬૫૯,૨૨૮,૨૧૨,૨૩૩,૨૭૧,૨૭૦,૨૬૯,૨૬૮,૨૮૯,૨૬૬, ૨૬૫,૨૬૪,૨૯૦,૨૬૨,૨૬૩,૩૧૩,૩૪૭,૩૪૮,૩૪૯,૩૬૩, ૩૬૪,૩૬૫,૩૯૭,૩૮૯,૪૨૧,૪૨૦,૪૫૮,૪૫૯,૪૬૦,૪૬૧,૪૬૨, ૪૫૫,૪૮૧,૪૮૦,૪૮૯,૪૯૪,૪૯૦,૪૯૨,૪૭૪,૫૫૫,૫૫૪,૫૫૬, ૨૧૭,૧૧૬,૭૪૬,૬૭૦,૬૬૯,૧૧૦,૭૪૭,૬૭૨,૬૬૧,૬૧૫,૫૭૫, ૫૭૧,૫૭૬,૫૭૪,૫૭૭,૫૭૮,૫૫૮,૧૧૨ |
| ૨૦ | બરવાળા | ભેસાણ | ૧૮૩,૧૮૪,૧૮૨,૧૮૫,૨૧૦ |
| ૨૧ | પરબ વાવડી | ભેસાણ | ૮૧૧,૮૧૨,૮૧૩,૮૫૮,૮૪૨,૮૪૧,૮૪૦,૮૩૯,૮૩૮,૮૩૭, ૮૩૬,૮૧૬,૮૨૨,૮૨૩,૮૨૪,૮૨૫,૮૨૦,૮૨૯,૫,૪,૩, ૧૭૮,૩૧૬,૩૧૩,૩૨૦,૩૧૯,૩૨૬,૩૨૭,૩૨૪,૩૨૫,૩૩૯, ૩૪૦,૩૪૧,૩૪૨,૨૮૦,૩૪૫,૩૫૫,૩૫૪,૩૫૨,૩૫૧,૩૫૦, ૩૪૯,૩૫૩,૩૬૦,૨૬૯,૨૬૭,૨૫૯,૨૬૮,૨૫૬,૨૬૬,૨૫૧, ૨૫૦,૨૪૯,૨૪૮,૨૪૭,૨૪૬,૨૪૫,૨૪૪,૨૪૩, સ્ટેટ હાઇવે ક્રોસિંગ |
| ૨૨ | ભેસાણ | ભેસાણ | ૨૭૩,૨૭૨,૨૬૯,૨૬૮,૨૬૭,૨૬૪,૨૬૩,૨૬૨,૨૬૧,૨૭૯, ૨૮૦,૨૮૧,૨૮૫,૨૫૫,૨૫૬,૨૫૮ |

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,
ઉમેશ વસાવા,
સરકારના નાયબ સચિવ (પાણી પુરવઠા)

જિમાક/અમર/૪૪૬/૨૪

**ભાડે આપવાનો છે**

બગસરામાં SBI બેંક પાસે નવા બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે

હોલની જગ્યા સ્કવેર ફીટ માપ

ગ્રાઉન્ડ ફ્લોર - ૨૦૦૦ સ્કવેર ફીટ

ફર્સ્ટ ફ્લોર - ૩૩૫૦ સ્કવેર ફીટ

નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે

સંપર્ક : મો.૯૨૬૫૨ ૯૫૪૮૧

**મહાદેવ ટ્રાવેલ્સ**

ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ

AC 2x1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે

અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં

પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

અમરેલીની ૪+૪ કોઇપણ દિશામાં નાના-મોટા

મકાન - પ્લોટ - ફ્લેટ - દુકાન લેવા -વેચવા કે ભાડેથી લેવા દેવા માટેનું પ્રમાણીક માધ્યમ એટલે જ... લાભમ્ પ્રોપર્ટીઝ

| મકાન | દુકાન | નવો ફ્લેટ | પ્લોટ | ૧ વીઘો જમીન |
|---|---|---|---|---|
| ૭ લાખ | ૮.૫૧ | ૯.૫૧ | ૫ લાખ | ૧.૬૦ લાખ |

લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

૨૩, સિધ્ધી વિનાયક કોમ્પલેક્ષ, લાઠી રોડ, એસટી ડિવીઝનની બાજુમાં, અમરેલી

MUTUAL FUND SIP

ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..

SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..

આજે જ... અત્યારે જ શરૂ કરો

સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા

નોલેજ આધારિત ઉમદા સર્વિસ

સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ

ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી

ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

અમરેલીનું ગૌરવ

હોટલ રોયલ ફોરચ્યુન

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

## રાજ્યનાં પોલીસવડા શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતીમાં ભાવનગર રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમાર દ્વારા એથ્લેટીક મીટ

# ડીજીપી દ્વારા અમરેલીનાં પોલીસ અધિકારીઓનું સન્માન

**સીસીટીવી , માછીમારોમાં જાગૃતી, ડિટેક્શન, ઇ-ગુજકોપ સહિતની વિવિધ કામગીરીમાં મહત્વનું યોગદાન બદલ એસપીશ્રી હિમકરસિંહની ઉપસ્થિતીમાં ડીજીપી શ્રી વિકાસ સહાય દ્વારા સન્માન**

**ડીવાયએસપીશ્રી હરેશ વોરા અને શ્રી પ્રશાંત લક્કડનું સીસીટીવી, શ્રી જયેશ કડછાનું ઇ-ગુજકોપ, ક્રાઇમ બ્રાન્ચનાં શ્રી રાહુલ ઢાપાનું ડિટેક્શન અને પીએસઆઇ શ્રી છોવાળાનું પણ સન્માન થયું**




અમરેલી,(ક્રાઇમરિપોર્ટર) ભાવનગર ખાતે રેન્જ આઈજી શ્રી ગૌતમ પરમાર દ્વારા રાજ્યના પોલીસવડા શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતીમાં અને તેમના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનાર અમરેલી જિલ્લાનાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

ભાવનગર ખાતે રેન્જ મીટીંગ અને એથ્લેટીક મીટ રાજ્યનાં પોલીસવડા શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતીમાં યોજાયેલ જેમાં સાવરકુંડલા વિભાગનાં ડીવાયએસપી શ્રી હરેશ વોરા તથા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનનાં પીએસઆઇ શ્રી પ્રશાંત લકકડનું સીસીટીવી કેમેરા લગાડવાની સુંદર કામગરી અને તેમના થકી થયેલા ડિટેક્શન બદલ બંનેનું સન્માન કરાયુ હતુ એ ઉપરાંત માછીમારોમાં જાગૃતી આવે તે માટે પીએસઆઇ શ્રી છોવાળાનું તથા ઇ-ગુજકોપની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પીએસઆઇ શ્રી જયેશ કડછાનું સન્માન કરાયુ હતુ અને લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં કર્મચારી શ્રી રાહુલ ઢાપાનું ડિટેક્શન તથા મહિલા પોલીસ સ્ટેશનનાં શ્રી ગૌરીબેન પટોળીયાને સન્માન પત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમાર તથા અમરેલીથી એસપીશ્રી હિમકરસિંહ તથા ભાવનગર અને બોટાદનાં પોલીસ અધિક્ષકશ્રીઓ અને અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

# બગસરામાં રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે


**બગસરાના રામ મંદિર ખાતે ૫૬ ભોગ, આરતી તથા સુંદરકાંડનું આયોજન**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરામાં રામ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીનું આયોજન સંસ્થાના સહયોગથી કરવામાં આવેલ છે. વિગત અનુસાર બગસરાના નાની બજારમાં આવેલા રામ મંદિર ખાતે ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે. શેઠ શ્રી ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ, રિલિજિયસ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઊપેન્દ્રભાઈ તથા ગીરીશભાઈ પારેખના સહયોગથી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫૬ ભોગ દર્શન, બપોરે ૧૨ કલાકે મહા આરતી, દીપ માલા તથા રાત્રિના સમયે સુંદરકાંડનું આયોજન કરેલ છે. આ સમગ્ર આયોજનમાં બગસરા શહેરના રામ ભક્તો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. આ ઉજવણીને ધ્યાને લઈ વિસ્તારમાં ઉત્સાહનો માહોલ દેખાઈ રહ્યો છે લોકો સ્વયંભૂ રીતે સુશોભનમાં લાગી ગયા છે. આ ઉત્સવનો લાભ લેવા રામ સેવકો દ્વારા અનુરોધ કરાયો છે.

# વડોદરા ખાતે બોટ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોને પૂજ્ય શ્રી મોરારિબાપુની સહાય

**પૂજ્ય મોરારીબાપુએ દિવંગતોને શ્રધ્ધાંજલી પાઠવી**



રાજુલા, (કનુભાઈ વરૂ) તારિખ ૧૮/૧/૨૪ નો દિવસ વડોદરાવાસીઓ ક્યારેય નહીં ભૂલી શકે. હરણી તળાવમાં એક શાળાના બાળકો અને કેટલાક શિક્ષકો બોટીંગ માટે ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર બોટ ઊંધી વળી જવાથી ૧૪ લોકોનાં અત્યંત કરુણ મોત નિપજયા છે. જેમાં બે શિક્ષકો અને ૧૨ નિર્દોષ બાળકોનો સમાવેશ થાય છે. પૂજ્ય મોરારીબાપુની રામકથા યુપીમાં શ્રાવસતી ખાતે ચાલી રહી છે. ૧૨ બાળકોના મોત થયાના સમાચાર મળ્યા ત્યારે પૂજ્ય મોરારીબાપુ અત્યંત વ્યથિત થયા હતા અને તેમણે આ કરુણ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા બે લાખ દસ હજારની સહાયતા રાશિ અર્પણ કરી છે. વડોદરા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને દિલસોજી પાઠવી છે. પૂજ્ય બાપુએ આ બાળકોના નિર્વાણ માટે શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે.

## અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત

# ધારીના દહીંડામાં ગામ ધુમાડાબંધનું આયોજન

**કાઠી ક્ષત્રીય સમાજમાં પ્રભુ શ્રી રામની લહેર લાગી : સમુહ ભોજન પ્રસાદ**

ચલાલા, અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને કારણે સમગ્ર દેશ સ્વયંભુ રામમય બની ગયો છે ત્યારે શહેરોથી માંડી નાના ગામડાઓમાં ધાર્મિક કાર્યક્રમોના આયોજન સાથે લોકો ભક્તિસાગરમાં તરબોળ થઈ ગયા છે ત્યારે ધારીનાં દહીંડા ગામમાં મુખ્યત્વે કાઠી ક્ષત્રીય પરિવારો વસવાટ કરે છે અને ખેતીનો વ્યવસાય સાથે સંકળાયેલ છે નાના એવા ગામમાં કાઠી દરબાર ભાઈઓના પરિવારમાં ઉમંગ અને ઉત્સાહ સાથે સમસ્ત ગામને દરેક ગામને ધજા પતાકા તોરણ દિવડા યજ્ઞ સહિતના આયોજન સાથે સમસ્ત ગામ ધુમાડાબંધ ભોજન પ્રસાદનું પણ આયોજન થયુ છે. આ રીતે ભવ્ય ઉજવણી સાથે દહીંડા ગામ રામમય બની જશે. અહીં અનેરો ધાર્મિક માહોલ સર્જાયો છે અને ઠેર ઠેર જય શ્રી રામના નારા લાગી રહયા છે. તેમ પ્રકાશ કારીયાએ જણાવ્યુ છે.

# અમરેલી નાગનાથ મંદિરે સ્વચ્છતા ઝુંબેશ યોજાઇ




અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત અમરેલીના નાગનાથ મહાદેવ મંદિરે વિધાનસભાના નાયબ દંડક શ્રી કૌશીકભાઈ વેકરીયા અને સારહી યુથ કલબનાં શ્રી મુકેશભાઈ સંઘાણીની ઉપસ્થિતીમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઇ હતી જેમાં ભાજપ આગેવાનો કાર્યકરો મહિલા મોરચાની બહેનો સહિત ઉપસ્થિત રહી મંદિરની સફાઈ કરી હતી.

# રાજુલા તાલુકામાં સાડા ચાર કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત કરાયા



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકામાં સાડા ચાર કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં આજરોજ ઉટિયા-રાજુલા સુધીના ૫ કી.મી નો માર્ગ રૂ.૧૩ કરોડના ખર્ચે મંજુર થતા તેનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે નાજાભાઈ પિંજર નાગભાઈ લાખણોત્રા જેઠુરભાઈ લાખણોત્રા દીપકભાઈ પરમાર ભાણાભાઈ લાખણોત્રા હરસુરભાઈ લાખણોત્રા મુકેશભાઈ ગુજરીયા સહિતના આગેવાનો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજુલાના કડીયાળી મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં રૂ.૧૦ લાખના ખર્ચે આરોગ્ય કેન્દ્ર, રૂ.૩.૫૦ લાખના ખર્ચે સીસી રોડ, રૂ.૨.૫૦ લાખના ખર્ચે આરોગ્યકેન્દ્રની દીવાલ, રૂ.૨ લાખનો શેડ, રૂ.૧૦.૫૦ લાખના બ્લોક રોડના કામો સહિત ૨૫ લાખના વિકાસકામોના ખાતમુહૂર્ત કર્યા હતા. આ તકે જીલુભાઈ બારૈયા ગંભીરભાઈ બારૈયા વલ્લભભાઈ બાંભણીયા માસરિભાઈ જીજાળા લાખાભાઈ નકુમ ભોળાભાઈ કાતરિયા ભુપતભાઈ સીસારા મગનભાઈ બલદાણીયા તેમજ સાર્દુલભાઈ ધાખડા સહિત ગ્રામજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા આહિર એક્તા મંચ દ્વારા કતલખાના માસ મટન, મચ્છીનું વેંચાણ બંધ રાખવા આવેદન અપાયું

**રામ મંદિર પ્રતિષ્ઠા અંતર્ગત આવેદન આપી રજુઆત કરી**



અમરેલી, તા. ૧૭-૧-૨૦૨૪ આજરોજ આહીર એકતા મંચ ગુજરાત દ્વારા ગુજરાત ભરના દરેક જિલ્લા તેમજ તાલુકા લેવલે તારીખ ૨૨ ૧ ૨૦૨૪ના રોજ ભગવાન શ્રીરામના મંદિરની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર હિન્દુસ્તાન ઉજવી રહ્યો હોય ત્યારે આહિર એકતા મંચ રાજુલા દ્વારા મામલતદાર કચેરીએ તા. ૨૧-૧-૨૪ અને ૨૨-૧-૨૪ ના રોજ ગુજરાત ભરમાં કોઈ હિંસાત્મકમાં પ્રવૃતિ ન થાય તે હેતુસર કતલખાના તેમજ માસ મટનની દુકાનો માં તેમનું વેચાણ બંધ રાખવામાં આવે તે માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં આહીર આહિર એકતા મંચ રાજુલા તાલુકા પ્રમુખ દિનેશભાઈ કલસરિયા, ઉપપ્રમુખ દેવાતભાઈ વાઘ, ઉપપ્રમુખ લાલાભાઈ વાવડીયા, બાબુભાઈ કવાડ તેમજ યુવાનો દ્વારા આવેદન પાઠવવામાં આવ્યું હતું.

# રાજુલા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ તરીકે ભગુભાઈ નકુમની બિનહરીફ વરણી કરાઈ



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા તાલુકા તલાટી કમ મંત્રી મંડળની સામાન્ય બેઠક સાકરીયા હનુમાનજીનાં સાનિધ્યમા ભેરાઈ મુકામે બોલવવામાં આવેલ જેમાં એજન્ડા મુજબ કાર્યવાહી હાથ ધરતા ચર્ચા વિચારણાના અંતે પ્રમુખશ્રી તરીકે ભગુભાઈ નકુમની બિનહરીફ વરણી કરવામા આવેલ. જેમા મંડળ દ્વારા આગામી સમયમાં લોકોને મદદરૂપ થવા માટેની કામગીરી કરવામાં આવશે. તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પ્રમુખ ઉપરાંત ઉપપ્રમુખ તરીકે મુસ્તુફાભાઈ બેલીમ, મંત્રી તરીકે ભાવેશભાઈ સોલંકી, ખજાનચી તરીકે જયેશભાઈ નકુમ, મહિલા પ્રતિનિધિ તરીકે ઉર્મિલાબેન તેરૈયા તેમજ જિલ્લાના પ્રતિનિધિ તરીકે ગીગાભાઈ વાઢેર અને વિરમભાઈ ખાંભલાની બિનહરીફ વરણી કરવામા આવતા આગામી સમયમાં સરકારશ્રીની જનકલ્યાણકારી વિવિધ યોજનાઓ છેવાડાના માનવીને લાભ અપાવવા અને લોકોને મદદરૂપ થવા માટે એકજુટથી ફરજ બજાવવા માટે ભગુભાઈ નકુમ સહિતના મંત્રીશ્રીઓ દ્વારા કટીબદ્ધતા દર્શાવી બેઠક પૂર્ણ કરવામા આવેલ. રાજુલા તાલુકાના તલાટી કમ મંત્રીશ્રીઓ દ્વારા વરણી થનાર તમામ હોદ્દેદારોને ખૂબ ખૂબ અંતરના અભિનંદન પાઠવવામા આવ્યા હતા અને નવનિયુક્ત તલાટી મંત્રીઓનુ સ્વાગત કરવામાં આવ્યું હતુ જે તલાટી કમ મંત્રી મંડળની યાદીમાં જણાવાયું છે.







### દામનગર નગર સેવા સદન - દામનગર, જી.અમરેલી

:: વોક ઇન ઇન્ટરવ્યુ ::

(૧૧ માસ ના હંગામી ધોરણે - કરાર આધારિત જગ્યા ભરવાની જાહેર નિવિદા)

સ્વચ્છ ભારત મીશન અર્બન ૨.૦ ગુજરાત અંતર્ગત દામનગર નગરપાલિકા ખાતે સીટી મેનેજર SWM - ૧ જગ્યા ૧૧ માસ ના કરાર આધારિત નીચે મુજબ ની વિગતે નિમણુંક કરવાની થાય છે.આ જગ્યા ઉપર નિમણુંક મેળવવા લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ જાહેરાત થયેથી નીચે જણાવેલ તારીખ અને સમયે દામનગર નગરપાલિકા, તા.લાઠી જી.અમરેલી ખાતે રૂબરૂ અરજી તથા જરૂરી શૈક્ષણિક લાયકાત,અનુભવ અંગે ના પ્રમાણપત્રો તેમજ અન્ય આધાર પુરાવાની અસલ તથા સ્વ - પ્રમાણિત નકલો સાથે સ્વ - ખર્ચે વોક - ઇન - ઇન્ટરવ્યુ માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | અનુભવ | પગાર ધોરણ | વોક ઇન ઇન્ટરવ્યુ (સમય અને તારીખ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | સીટી મેનેજર - SWM | ૧ | B.E / B.tech Environment B.E / B.Tech Civil/ M.E M-Tech Environment M.E/M-Tech Civil | ૧ વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદનો) | રૂ.30000 (માસિક) | તા.05/02/૨૪ સવારે ૧૧:00 કલાકે (મંગળવાર) |

ચીફ ઓફિસર, દામનગર નગરપાલિકા — પ્રમુખ, દામનગર નગરપાલિકા

(જિમાઙ/અમર/જજ/૫/૨૩-૨૪)









AVADH TIMES DAILY

સત્યમેવ જયતે

અવધ ટાઈમ્સ

તા.૨૦-૧-૨૦૨૪ શનિવાર

# ઈરાન અને પાકિસ્તાન વચ્ચેની મિત્રતા સહિતની આ દુશ્મનાવટ દુનિયાને જલ્દી નહિ સમજાય...!

પાકિસ્તાનમાં ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે ત્યારે ઈરાને પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા બલૂચિસ્તાનના કોહ-એ-સબ્ઝ એરિયામાં મિસાઈલમારો કરીને પલિતો ચાંપી દીધો. આ હુમલાથી ભડકેલા પાકિસ્તાને એ જ ભાષામાં જવાબ આપવાની ધમકી આપેલી ને તેનો અમલ કરીને ગુરુવારે વહેલી સવારે ઈરાનના સરહદની નજીકના વિસ્તારોમાં મિસાઈલ છોડી દીધાં. પાકિસ્તાને કરેલા મિસાઈલમારામાં ત્રણ મહિલાઓ અને ચાર બાળકો માર્યાં ગયાં હોવાનો ઈરાને દાવો કર્યો છે.

ઈરાને આતંકવાદી સંગઠન જૈશ અલ-અદ્‌લના આતંકવાદી કેમ્પોને ટાર્ગેટ કરીને પ્રિસિઝન મિસાઈલ અને ડ્રોન એટેક કરેલો કેમ કે જૈશ અલ-અદ્‌લ ઈરાનમાંથી સુન્ની બલોચ પ્રજા માટે અલગ દેશ બનાવવાની માગણી કરે છે. પાકિસ્તાનમાંથી પણ અલગ બલૂચિસ્તાનની માગણી સાથે બલોચ પ્રજાએ હથિયાર ઉઠાવેલાં છે તેથી પાકિસ્તાને તેમના આતંકવાદી અડ્ડા નાબૂદ કરવાના બહાને ઈરાનમાં મિસાઈલો છોડી દીધાં.

ઈરાને દાવો કરેલો કે, ગયા મહિને જૈશ અલ-અદ્‌લ સંગઠને ઈરાનના સિસતાન પ્રાંતમાં એક પોલીસ સ્ટેશનમાં હુમલો કરીને ૧૧ પોલીસોની હત્યા કરેલી. હુમલો કર્યા પછી જૈશ અલ-અદ્‌લના આતંકી પાકિસ્તાન ભાગી આવેલા અને આતંકવાદી કેમ્પમાં ભરાઈ ગયેલા. પાકિસ્તાનને તેમની સામે પગલાં લેવા કહેવાયું છતાં તેમણે કશું ના કરતાં ઈરાને પોતાની રીતે આતંકવાદી કેમ્પોને ટાર્ગેટ કરીને રોકેટ છોડવાં પડ્યાં.

પાકિસ્તાને પણ એ જ બહાનું રજૂ કર્યું છે. પાકિસ્તાનનું કહેવું છે કે, પાકિસ્તાનના ભાગલા પાડવા માગતા બલોચ આતંકવાદીઓને ઈરાને સંઘર્યા છે. ઈરાન તેમને પાકિસ્તાન સામે લડવા માટે તન, મન, ધનથી મદદ કરે છે તેથી તેમના સફાયા માટે અમારે હુમલો કરવો પડ્યો.

હવે ઈરાન પાકિસ્તાનના હુમલાનો શું જવાબ આપે છે એ જોવાનું રહે છે પણ પાકિસ્તાન અને ઈરાન બંને વચ્ચે ખૂલેલો આ નવો મોરચો ઝડપથી બંધ નહીં થાય એ નક્કી છે કેમ કે બંને માટે વટનો સવાલ છે. પાકિસ્તાનમાં ફેબ્રુઆરીમાં ચૂંટણી છે ને આ ચૂંટણીમાં નવાઝ શરીફને જીતાડીને પાકિસ્તાની લશ્કર પોતાનું વર્ચસ્વ જાળવવા પૂરી તાકાત લગાવી રહ્યું છે. પાકિસ્તાની લશ્કરે પહેલાં ઈમરાનને બેસાડેલો પણ ઈમરાન લશ્કરની સામે પડ્યો તેમાં લશ્કરે ઈમરાનને ઘરભેગો કરવો પડ્યો.

ઈમરાનને પછાડવા લશ્કર નવાઝ શરીફને પાછું લઈ આવ્યું પણ શરીફ ના જીતે તો લશ્કરનું નાક વઢાઈ જાય. અત્યારે પાકિસ્તાનનાં લોકોમાં પાકિસ્તાનના લશ્કર સામે અણગમો છે. પાકિસ્તાનીઓને લાગે છે કે, પાકિસ્તાનનું લશ્કર પાકિસ્તાનના આંતરિક રાજકારણમાં ખૂંપેલું રહે છે ને બીજું કશું કરતું નથી. આ માન્યતા દૂર કરવા લશ્કરે પગલાં ભરવાં જરૂરી છે.

પાકિસ્તાનના લશ્કરની આબરુનું ધોવાણ ભારતના કારણે પણ થયું છે. ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરી તો પણ પાકિસ્તાની લશ્કર બાયલાની જેમ હાથ પર હાથ મૂકીને બેસી રહેલું તેથી સતેની ઈજ્જતનો કચરો થઈ ગયેલો. હવે ઈરાન પાકિસ્તાનમાં ઘૂસીને મિસાઈલ છોડી જાય ત્યારે પણ લશ્કર કંઈ ના કરે તો મહિના પછી થનારી ચૂંટણીમાં લોકો ઈમરાનખાનને મતો આપીને તેને પાછો ગાદી પર બેસાડી દે ને લશ્કરની આબરુનો પાછો ફાલુદો થઈ જાય. ઈરાન સામે કશું ના કર્યું તેના કારણે ફજેતો થાય એ તો અલગ તેથી પાકિસ્તાન પાસે જવાબ આપ્યા વિના બીજો વિકલ્પ બચ્યો નહોતો.

ઈરાન માટે પણ પ્રતિષ્ઠાનો સવાલ છે કેમ કે ઈઝરાયલ સામે લડવા માટે હમાસને ભરપૂર મદદ કર્યા પછી પણ ઈઝરાયલને નમાવી ના શકાયું. હમાસ પણ પાણીમાં બેસી ગયું ને ઈઝરાયલ સાથે સમજૂતી કરી લીધી. આ સંજોગોમાં હવે ઈરાનના સત્તાધીશીએ લોકોનું ધ્યાન બીજે વાળવા પાકિસ્તાનને ટાર્ગેટ કરવું જ પડે એમ છે તેથી ઈરાન પણ જલદી પાછું નહીં વળે.

પાકિસ્તાને ઈરાન પર હલ્લાબોલ કરીને સુન્ની મુસ્લિમ રાષ્ટ્રોની સહાનુભૂતિ મેળવવાનો દાવ પણ ખેલ્યો છે ને એ બહાને સાઉદી અરેબિયા સહિતના દેશોને ખંખેરી લેશે. દુનિયામાં અત્યારે પાકિસ્તાન અને ઈરાન એ બે જ મુસ્લિમ રાષ્ટ્રો પરમાણુ શસ્ત્રો ધરાવે છે. પાકિસ્તાનમાં સુન્નીઓની બહુમતી છે જ્યારે ઈરાન સંપૂર્ણપણે શિયાઓનો દેશ છે. ઈરાનમા સુન્ની મુસ્લિમો છે પણ તેમની વસતી એક ટકાથી વધારે નથી.

મુસ્લિમોમાં શિયા અને સુન્નીઓને બાપે માર્યાં વેર છે. બંને વચ્ચેની લડાઈનો કોઈ અંત નથી તેથી સતત એકબીજાને પછાડવા મથ્યા કરે છે. સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશો સુન્નીઓના દેશ છે. આ દેશો અત્યંત કટ્ટરવાદી છે, ધર્માંધ પણ છે. આ કટ્ટરવાદ એટલો પ્રબળ છે કે સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશો સુન્ની સિવાયના તમામ મુસ્લિમોને પોતાના દુશ્મન માને છે. આ કારણે ઈરાન પણ સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશોનું દુશ્મન છે.

ઈરાન સામે સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશોને એટલો બધો ખાર છે કે, અમેરિકાનાં તળવાં ચાટીને પણ આ દેશો વરસો લગી ઈરાનને ખતમ કરવા મથ્યા કરતા હતા પણ ઈરાન માથાભારે છે તેથી દાદાગીરી કરીને પણ ટકી ગયું છે. પોતાનું અસ્તિત્વ ટકાવવા ઈરાને પરમાણુ સંશોધન કર્યું ને અત્યારે ઈરાન પાસે પણ પરમાણુ બોમ્બ છે. ઈરાનમાં પણ માથાફરેલ અને ધર્માંધ અલી ખામેની સર્વેસર્વા ને સુપ્રીમ લીડર છે.

ખામેની આખા દુનિયાના શિયાઓનું રક્ષણ કરવા મથ્યા કરે છે તેમાં આસપાસના બધા દેશોમાં શિયાઓનાં આત્રમક સંગઠન ઊભા કરી દીધાં છે. તેનું ફટકે તો એ સાઉદી સહિતનાં મુસ્લિમ રાષ્ટ્રો પર પરમાઈ બોમ્બ ઝીંકી દેતાં વિચાર ના કરે તેથી સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશો તેનાથી ડરે છે. ઈરાનને દબડાવવા ને માપમાં રાખવા સુન્ની મુસ્લિમોના દેશો પાસે પણ પરમાણુ બોમ્બ જોઈએ. પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે તેના કારણે પાકિસ્તાન મુસ્લિમ રાષ્ટ્રોમાં સર્વોપરિ ગણાય છે ને મુસ્લિમ રાષ્ટ્રો તેની આગળપાછળ ફરે છે.

પાકિસ્તાન પણ તેના ફાયદો લઈને સાઉદી અરેબિયા, કતાર, યુએઈ વગેરે દેશોને ખંખેર્યા કરે છે. ઈરાને હુમલો કરીને તેને વધુ એક તક આપી દીધી છે. સાઉદી અરેબિયા સહિતના ધનિક મુસ્લિમ દેશો પાસે પેટ્રો ડોલર ખૂટે નહીં એટલા પ્રમાણમાં છે તેથી થોડાક કરોડ ડોલર ફેંકીને પાકિસ્તાનને ખુશ કરી દેશે. પાકિસ્તાનને તો અત્યારે જેટલું આપો એ બધું ખપે છે તેથી પાકિસ્તાન પણ પાછું નહીં વળે.

### રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત

# ધારીમાં શાંતિ સમિતિની બેઠક યોજતા પીઆઇ શ્રી દેસાઇ

## શાંતિ સમિતિની બેઠકમાં પ્રતિષ્ઠા ઉત્સવ શાંતિપુર્ણ રીતે ઉજવવા આગેવાનો દ્વારા ખાત્રી અપાઇ



ધારી, (ઉદય ચોલેરા) તારીખ ૧૯-૧-૨૦૨૪ના રોજ સાંજના ૫:૩૦ કલાકે ધારી પોલીસ સ્ટેશન ખાતે આગામી તારીખ ૨૨ ૧ ૨૦૨૪ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામને પ્રાણપ્રતિષ્ઠા અનુસંધાને શાંતિ સમિતિની મીટીંગ નું પીઆઈ શ્રી દેસાઈ તથા પીએસઆઈ શ્રી મારૂ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરભરના તમામ જ્ઞાતિ અગ્રણીઓ તેમજ વેપારીઓએ તથા પત્રકારોએ ઉપસ્થિત રહેલ

# ભાજપ પ્રદેશ ઉદ્યોગ સેલના કન્વીનર તરીકે જગદીશભાઈ કોટડીયાની નિમણુંક કરાઇ



રાજકોટ, રાજકોટ જિલ્લાના અગ્રણી સેવાભાવી ઉદ્યોગપતિ અને લાંબા સમયથી સામાજિક સમરસતા ઝુંબેશ માટે સક્રિય જગદીશભાઈ કોટડીયાની ગુજરાત પ્રદેશ ભાજપ ઉદ્યોગસેલના કનવીનર તરીકે નિમણૂંક કરવામાં આવતાં રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની ઔદ્યોગિક આલમમાં આનંદની લાગણી ફેલાયેલ છે. શ્રી જગદીશભાઈ કોટડીયા સૌરાષ્ટ્ર અને રાજકોટનાં ઉદ્યોગજતમાં લોકપ્રિય અને સન્માનનીય માન મોભો ધરાવે છે. રાજ બેંક, રાજકોટનાં ચેરમેન તરીકે બેંકની પ્રગતિ અને ઉદોગકારોના વિકાસમાં બેંકની ચાવીરૂપ ભૂમિકા પ્રસંશનીય બનેલ.

# વડિયાના અમરાપુરમાં પરીણીતા ઉપર હુમલો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વડિયાના અમરાપુર ગામે રોશનીબેન ભાવેશભાઈ જોગાણી ઉ.વ.૨૮ તથા ભગવતીબેન અશ્વિનભાઈ જોગાણીને પાણી ભરવાનો વાલ સહીયારો હોય જેથી ભગવતીબેને પાણીનો વાલ બંધ કરતા રોશનીબેનને પાણી ભરવાનું બાકી હોવાથી વાલ્વ ચાલુ રાખવા કહેતા ભગવતીબેને કહેલ તારે થાય તે કરી લેજે.

વાલ્વ ચાલુ નહી થાય અને પાણી ભરવા નહી દઉં તેવું જણાવી બોલાચાલી કરી ગાળો બોલી ભગવતીબેન અશ્વિનભાઈ અશ્વિન નાથાભાઈ, નિલેશ નાથાભાઈ, ધારાબેન નિલેશભાઈ, મંજુબેન નાથાભાઈ જોગાણીએ લાકડી વડે શરીરે મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારાસભ્યશ્રી હાર્દિક પટેલનો નિર્દોષ છુટકારો

## ૨૦૧૭ નાં બનાવમાં કેસ ચાલી જતા અપાયેલો ચુકાદો



અમરેલી, સને ૨૦૧૭માં સરથાણા પોલીસ સ્ટેશનમાં તારીખ ૩/૧૨/૨૦૧૭ ના રોજ સાંજે ૭ થી રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં મહાલક્ષ્મી સોસાયટીની સામે, કિરણ ચોક, સુરત ખાતે બનેલ કહેવાતા બનાવ અંગે પોલીસે જી.પી. એક્ટની જોગવાઈઓ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તારીખ ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવેલી અને પોલીસે તા.૨૬/૦૧/૧૯ ના રોજ કોર્ટમાં ચાર્જશીટ કરેલ. નામદાર કોર્ટ સમક્ષ કેસ ચાલી જતાં કોર્ટમાં ફરિયાદ પક્ષે પુરાવો લેવાયેલ. વાહન રેલી અને જાહેર સભા અંગેની પરમીટ ની શરત નંબર ૧૪.. કાર્યક્રમ નો ઉપયોગ કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવાર ના પ્રચાર અથવા સમર્થન કે વિરોધ માટે કરવો નહીં તેમજ કોઈ પણ ઉમેદવાર કે પક્ષ દ્વારા રેલી કે જાહેર સભા માં ચુંટણી લક્ષી ઉપયોગ ન થાય તેની પણ ખાસ તકેદારી રાખવી. એડવોકેટ શ્રી યશવંતસિંહ વાળા ની મુખ્યત્વે દલીલ. નામદાર કોર્ટ સમક્ષ પુરાવો આપવા આવેલ સાહેદો એ પરમીટ ની શરત નંબર ૧૪ બાબતે હાર્દિક પટેલ દ્વારા શબ્દશઃ ભંગ થયેલ હોય તેવું જુબાની માં આવેલ નથી. હાર્દિક પટેલ દ્વારા કોઈ પણ પક્ષ ની તરફેણમાં કે વિરોધ માં ભાષણ આપેલા નું જણાવ્યું નથી કે કોઈ ઉમેદવાર ની તરફેણમાં કે વિરુદ્ધ માં ભાષણ આપ્યું હોય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી નામદાર કોર્ટે બંને પક્ષો ની દલીલો સાંભળીને હાર્દિક પટેલ સહિત અન્ય જીગ્નેશ ને પણ આજે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે આજે નામદાર કોર્ટ સમક્ષ હાર્દિક પટેલ હાજર રહ્યો અને નામદાર કોર્ટ દ્વારા અપાયેલ હુકમ નો સાદર સ્વિકાર કર્યો હતો અને કોર્ટ ને પુરા માન સમ્માન સાથે હુકમ ને વધાવી લીધો હતો. બચાવ પક્ષના વકીલ તરીકે પહેલેથી જ યશવંતસિંહ વાળા રહ્યા હતા.

### સડક સુરક્ષા, જીવન રક્ષા માર્ગ સલામતી માસ-૨૦૨૪

# ટ્રાફિકના નિયમોનું પાલન કરનારા વાહન ચાલકોને ગુલાબ આપી જિલ્લા કલેક્ટરશ્રીએ પ્રોત્સાહિત કર્યા

## નિયમોનું પાલન ન કરાનારા ચાલકોને હેલ્મેટ પહેરવા અને સીટબેલ્ટ બાંધવા અનુરોધ



અમરેલી, અમરેલી માર્ગ સલામતી માસ-૨૦૨૪ની ઉજવણીના પ્રસંગે શુક્રવારે અમરેલી શહેરના સેન્ટર પોઈન્ટ ખાતે ટ્રાફિકના નિયમોનું પાલન કરતા વાહન ચાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે હેલમેટ પહેરનારા અને સીટબેલ્ટ બાંધનારા વાહન ચાલકોને ગુલાબ આપી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે હેલમેટ અને સીટબેલ્ટ ન બાંધનારા વાહન ચાલકોને નિયમોનું પાલન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. સલામતી માટે નિયમોના ચુસ્ત પાલનની અમલવારી અને સમજૂતી સાથે જિલ્લામાં માર્ગ સુરક્ષા અંગેની જાગૃતિ પ્રસરાવવા માટે જિલ્લા કલેક્ટરશ્રીએ વિશેષ સૂચન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ, આર.ટી.ઓ. અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં આજે ગુરૂકુલ દ્વારા રામરથ યાત્રા યોજાશે

## જે.વી. મોદી હાઇસ્કુલ ખાતે રથયાત્રાનું સમાપન : વિવિધ ફ્લોટો યોજાશે

સાવરકુડલા, સાવરકુંડલા શ્રી



સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા આયોજિત અયોધ્યા માં શ્રી રામ લલ્લા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સાવરકુંડલા શહેર સફાઈ અભિયાન ગુરુકુળ સંસ્થા ના વડા પૂજ્ય ભગવત સ્વામીજી, સંસ્થા ના પ્રમુખ શ્રી શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી કોઠારી સ્વામી અક્ષર મૂક્ત સ્વામી ના વડપણ હેઠળ સવાર કુંડલા, લીલીયા નાં ઉત્સાહી કાર્યશીલ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા નાં નાં માર્ગદર્શન હેઠળ શહેર ને સ્વચ્છ બનાવવા જન જાગૃતિ અભિયાન માં સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારત નાં બુલંદ અવાજ સાથે ગુરુકુલ નાં સંતો, રાજકિય અગ્રણીઓ, ગુરુકુળ નાં તમામ શિક્ષક શ્રી ઓ, વિધાર્થીઓ, સાવર કુંડલા નગર પાલિકા પ્રમુખ શ્રી મેહૂલ ભાઈ ત્રિવેદી, પ્રતિક ભાઈ નાકરાની, પ્રવીણભાઈ સાવજ, ભાજપ પ્રમુખ શ્રી જીવન ભાઈ વેકરિયા સાથે રહી ગુરૂકુળ નાં ભવ્ય પટાંગણ થી શરૂ કરી, ઉતાવળા હનુમાન, મહાકાળીર ચોક, મેલડી ચોક, દેવળા ગેઈટ, ગાંધી ચોક, નાવલી મેઈન બજાર, રિદ્ધિ સિદ્ધિ ચોક, મણીભાઈ ચોક, જે. વી. મોદી હાઈસ્કૂલ થઈ ગુરુકુળ સુધી સફાઈ અભિયાન કરી શહેર ને સ્વચ્છ બનાવવા માં આવેલ. આવતી કાલે આજ રૂટ પર ગુરુકુલ થી ભવ્ય નગર યાત્રા સવારે ૮.૩૦ કલાકે કાઢવામાં આવશે

### પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે

# બાબરામાં મંદિરો અને ધાર્મિક સ્થળોએ સફાઇ ઝુંબેશ યોજાઇ

## ધારાસભ્યશ્રી જનકભાઇ સહિત આગેવાનો સફાઇ ઝુંબેશમાં જોડાયા



બાબરા, (દિપક કનૈયા) બાબરા શહેરમાં અયોધ્યા રામ મંદિર પુના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બાબરા શહેરના તમામ મંદિરો ધાર્મિક સ્થળો એ સફાઈ અભિયાન દ્વારા બધા જ મંદિરોને મંદિરોમાં સફાઈ કરવામાં આવી આ વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ પણ સાથે રહ્યા હતા તેમજ બાબરા શહેર ભાજપ ની ટીમ સાથોસાથ ચૂંટાયેલા તમામ નગરપાલિકાના હોદ્દેદારો સભ્યો અને નાના-મોટા કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો અને આશ્રમના સેવકો બધા ઉપસ્થિત રહીને ખૂબ સારી રીતે સફાઈ કામ કરીને આ કાર્યક્રમને વધુમાં વધુ સારું ઉજવાય એવા પ્રયાસો કરી રહ્યા છે અને તાપડિયા આશ્રમના સંત શ્રી પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ઘનશ્યામદાસ બાપુ ની હાજરીમાં તાપડિયા આશ્રમમાં સફાઈ તેમજ પંચકુંડ કપિલા હનુમાનજી વિવિધ મંદિરોમાં સફાઈ કરવામાં આવી હતી તેમજ તમામ સેવકોને સાથે રાખીને આશ્રમમાં રંગોળી સુશોભન વગેરે કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

### અમરેલી જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘનાં સૌજન્યથી

# અમરેલી જિલ્લા કક્ષાએ અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ

## જિલ્લા અને તાલુકામાંથી આવેલ ત્રણ નંબર મેળવતા વિદ્યાર્થીઓને મોમેન્ટો, સર્ટીફીકેટ, બુક આપી સન્માનીત કરાયાં



અમરેલી, અમરેલી બીઆરસી ભવનમાં જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તા.૧૯-૧નાં કરવામાં આવેલ. જેમાં જિલ્લા પંચાયત અમરેલીનાં પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરપર્સન શ્રીમતી રમીલાબેન બી.ધોરાજીયા, નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સોલંકી, ડીઆઈઈટી પ્રાચાર્ય દક્ષાબેન પાઠક, જિલ્લા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ અમરેલીનાં મહામંત્રી મહેન્દ્રભાઈ કાવઠીયા, કોષાધ્યક્ષ કલ્પેશભાઈ જોષી, અનુજાતી/જનજાતી ઉત્કર્ષ મંડળનાં પ્રમુખ રજનીભાઈ મકવાણા, તાલુકા શૈક્ષણિક મહાસંઘનાં અધ્યક્ષ સુરેશભાઈ ટાંક, સંગઠન મંત્રી કેયુરભાઈ લેઉવા, લાઠી તાલુકા શૈક્ષણિક મહાસંઘનાં અલ્પેશભાઈ કાકડીયા, બીઆરસી-સીઓ અમરેલી કુલદિપભાઈ દેવમુરારી સહિતે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકામાંથી આવેલ વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર આપી મોમેન્ટો, સર્ટીફીકેટ અને બુક વડે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. નિર્ણાયક ટીમમાં રવજીભાઈ કાચા, વાસુદેવભાઈ સોઢા, ઉદયભાઈ દેસાઈ દ્વારા સચોટ નિર્ણય આપવામાં આવેલ.

# લાઠીમાં યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠીમાં રહેતી યુવતિ પોતાના ઘરે તા. ૧૭-૧ ના પી.એમ .સ્કુલમાં મહેંદીના કલાસમાં જવાનું કહી પોતાના તમામ ડોકયુમેન્ટ લઈ ગુમ થયાનું પિતાએ લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૨૦.૧.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦, પોષ સુદ દશમ, કૃત્તિકા નક્ષત્ર, શુભ યોગ, તૈતિલ કરણ આજે સવારે ૮.૫૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : જીવનમાં યોગ્ય વિચારપધ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો,પ્રગતિકારક દિવસ રહે.

વૃષભ (બ,વ,ઉ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.

મિથુન (ક,છ,ઘ) : વાદ વિવાદ થી દૂર રહેવું,જામીનગીરી ના કરવા સલાહ છે. અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.

કર્ક (ડ,હ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય,કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.

સિંહ (મ,ટ) : વેપારીવર્ગ ને સારું રહે,નવી દિશાઓ ખુલતી જણાય,પ્રગતિ થાય,નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.

કન્યા (પ ,ઠ ,ણ ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય,દાન ધર્મ કરી શકો,આધ્યાતિમ્ક ચિંતન થાય,શુભ દિન.

તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, લાગણી ની વાત વ્યક્ત કરી શકો,સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.

વૃશ્ચિક (ન ,ય ) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.

ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ધ્યાન રાખવું,લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે ,મધ્યમ દિવસ.

મકર (ખ ,જ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય,વિશેષ પ્રતિભા કેળવી શકો.

કુંભ (ગ ,સ,શ ): કોર્ટ કચેરી માં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.

મીન (દ ,ચ ,ઝ ,થ): સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# કાચરડીમાં અક્ષત કુંભના ભવ્ય સામૈયા



બાબરા, (દિપક કનૈયા) લાઠી તાલુકાના કાંચરડી ગામે પૂજિત અક્ષિત કળશના ભવ્ય સત્કાર સામૈયા કરવામાં આવ્યા હતા લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા વિશ્વહિન્દુ પરિષદ પ્રમુખ ઈતેશભાઈ મહેતા, લાઠી તાલુકા વિશ્વહિન્દુ પરિષદ પ્રમુખ હર્ષદ વ્યાસ, લાઠી શહેર પ્રમુખ સહિત સમગ્ર જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ટીમની વિશાળ ઉપસ્થિતિમાં કાચરડી ગામને અયોધ્યા ભગવાન શ્રી રામચંદ્રજીની મૂર્તિ પ્રતિષ્ઠા માટે સર્વને વિસ્તૃત માર્ગદર્શન સાથે અવગત કરાયા હતા સમગ્ર કાંચરડી ગામમાં વૃદ્ધ, મહિલા, સ્થાનિક યુવાનો, આગેવાનોમાં અદમ્ય ઉત્સાહ સ્વાગત કરતા શ્રદ્ધાળુ ભાવિકોએ અક્ષિત કુંભના દર્શન પૂજન અર્ચન કર્યા. જય જય શ્રી રામનો જયઘોષ કરી સંપૂર્ણ કાંચરડી ગામ રામના જય જય કારથી ગુંજી ઉઠ્યું હતું

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૪૦ થી ૧૪૩૨ મગફળી ૯૦૦ થી ૧૩૭૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૭૦-૧૨૬૭
શિંગમોટી-૯૦૦-૧૩૭૭
મેથી-૯૨૦-૯૨૫
તલસફેદ-૨૨૦૦-૩૧૧૬
બાજરો-૪૧૬-૫૨૯
ઘઉંટુકડા-૪૭૬-૬૪૭
ઘઉંલોકવન-૫૧૪-૫૯૦
અજમા-૧૧૩૦-૧૧૩૦
અડદ-૧૨૦૦-૧૮૧૫
ચણા-૭૫૦-૧૧૧૦
કપાસ-૧૦૪૦-૧૪૩૨
રાયડો-૭૭૦-૭૭૦
ધાણા-૧૦૫૦-૧૨૩૨
સોયાબીન-૮૫૦-૮૯૨
તુવેર-૧૦૫૧-૨૦૧૧
એરંડા-૧૦૮૮-૧૧૧૪
મરચાલાંબા-૧૦૪૦-૩૨૭૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૧૦-૨૫૦
રીંગણા-૨૦૦-૭૦૦
ફલાવર-૩૦૦-૪૫૦
કોબીઝ-૨૦૦-૩૧૦
ટમેટાં-૨૦૦-૩૦૦
સુરણ-૬૫૦-૭૨૦
ગાજર-૩૧૦-૪૦૦
દુધી-૧૦૦-૨૦૦
કારેલા-૫૦૦-૬૦૦
ગલકા-૫૫૦-૬૨૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૦૦૦-૧૨૫૦
ચોળાલીલા-૫૦૦-૬૦૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૨૦૦૦-૨૨૦૦
કોથમીર-૧૫૦-૨૦૦
મેથીભાજી-૩૫૦-૪૨૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૮૦-૧૦૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
લસણસુકું-૩૮૦૦-૪૦૦૦
લીંબુ-૯૫૦-૧૦૫૦
પાલક-૩૨૦-૪૨૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૫૫૦
જુવાર-૬૦૦-૯૫૧
ઘંઉ-૪૬૦-૬૩૫
તલસફેદ-૨૯૫૦-૨૯૫૦
તલપીળા-૪૦૮૫-૪૦૮૫
મગ-૧૭૨૬-૨૫૦૦
તુવેર-૧૫૦૧-૧૮૦૦
ચણા-૯૧૬-૧૦૪૪
સોયાબીન-૬૦૧-૮૭૪
કપાસ-૯૦૦-૧૪૫૦
અજમા-૧૯૦૧-૧૯૦૧

**મહુવાયાર્ડ**
શીંગ-૧૧૪૦-૧૩૨૧
શીંગજી-૧૨૮૦-૧૩૯૪
ડુંગળીલાલ-૧૦૦-૩૨૫
ડુંગળીસફેદ-૨૫૯-૩૧૩
બાજરી-૪૪૪-૫૭૧
મગ-૧૭૪૨-૧૭૪૨
નાળીયેર-૪૦૦-૧૭૦૬
ચણા-૧૦૦૧-૧૦૬૯
તલસફેદ-૨૫૯૧-૨૯૦૬
મકાઈ-૪૭૮-૫૧૯
તુવેર-૧૮૨૮-૧૮૨૮

**બાબરા**
કપાસ-૧૧૫૦-૧૪૬૦
તલસફેદ-૨૪૮૫-૨૭૭૫
ચણા-
ઘઉં-૪૮૫-૫૭૫
તુવેર-
અડદ-
મગફળી-૧૧૮૫-૧૩૦૫
સોયાબીન-૮૬૦-૯૦૦

**ધારી**
કપાસ-૧૦૭૦-૧૪૦૪
મગફળી-૧૧૧૦-૧૧૪૦
ધાણા-૧૧૦૦-૧૨૦૦
તુવેર-૧૧૦૦-૧૮૭૧
ચણા-૬૮૦-૯૪૧
અડદ-૧૩૫૦-૧૩૫૦
ઘઉં-૫૬૧-૫૬૧
તલ-
સોયાબીન-૬૯૦-૮૬૫
શીંગદાણા-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૪૧૫
તલસફેદ-૨૯૫૦-૩૧૩૧
તલકાળા-
તુવેર-૧૬૦૦-૨૦૦૭
કપાસ-૧૨૫૧-૧૪૫૧
ઘઉં-૪૯૦-૬૦૮
બાજરો-૪૨૧-૪૮૪
ધાણા-૧૩૦૦-૧૫૦૧
ચણા-૮૦૦-૧૦૦૦
સોયાબીન-૮૫૦-૯૦૦
એરડી-૧૦૦૦-૧૦૫૦

**ખાંભા**
કપાસ-૧૧૬૪-૧૪૪૧
મગફળી-૧૨૬૦-૧૨૬૦
બાજરો-૪૮૦-૪૮૦
અડદ-
જુવારસફેદ-૯૧૫-૯૧૫
સોયાબીન-૮૧૧-૮૭૧
તુવેર-૧૫૭૫-૧૫૭૫

**બગસરા**
કપાસ-૧૦૫૦-૧૪૫૦
ધાણા-૧૨૧૦-૧૨૧૦
રાયડો-૬૦૫-૮૦૦
ઘઉંલોકવન-૫૦૦-૫૭૧
મગફળી-૯૬૫-૧૨૩૫
ઘઉંટુકડા-૫૫૦-૫૭૦
ચણા-૧૦૦૦-૧૨૦૦
તુવેર-૧૨૧૫-૧૭૮૦
અડદ-૧૦૦૦-૧૬૧૦
તલસફેદ-૨૫૦૦-૩૦૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૪૦૦-૮૦૦
દાડમ-૭૫૦-૨૦૦૦
મુસંબી-૭૦૦-૯૦૦
જામફળ-૬૦૦-૮૦૦
સંતરા-૪૦૦-૬૦૦
કીવી-૩૦૦૦-૪૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૧૦૦-૩૦૦૦
ટેટી-૨૦૦-૪૦૦
કેળા-૪૦૦-૬૦૦
પોપૈયા-૨૦૦-૩૩૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૦૦૦-૨૮૦૦
અનાનસ-૮૦૦-૧૦૦૦
અંગુર-૭૦૦-૧૯૦૦

**લીલીયા**
કપાસ-૧૦૪૪-૧૪૬૪

## અમરેલી આજનુંતાપમાન

મહ ામ તાપમાન ૨૭.૭
ન્યુનતમ તાપમાન ૧૪.૩
ભેજનું પ્રમાણ ૬૯
પવનની ગતિ સરેરાશ-૯.૩

### અયોધ્યામાં રામ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત

# અમરેલીમાં વેપારીઓ ૨૨મીએ સ્વયંભુ બંધ પાળશે

**રામ મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ અંગે અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા ભવ્ય શોભાયાત્રા સહિતનું આયોજન**

**અડધો દિવસ વેપારીઓ ધંધા, રોજગાર સ્વૈચ્છીક રીતે બંધ પાળી રામ જન્મોત્સવ કાર્યક્રમોમાં આસ્થાભેર જોડાશે : વેપારીઓ સહિત આગેવાનોનો સ્વયંભુ સહયોગ**

**શ્રી ભગિરથભાઇ ત્રિવેદી અને શ્રી રાજુભાઇ શિંગાળા શ્રી મયુરભાઇ બોઘરાની ટીમ દ્વારા તૈયારીઓ શરૂ**

અમરેલી,
અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ પર નિર્મિત પ્રભુ શ્રીરામ ભગવાનના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામહોત્સવઆગામી ૨૨.૧.૨૦૨૪ ને સોમવારના રોજ યોજવા જઈ રહ્યો છે ત્યારે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી મહામંત્રી રાજુભાઈ શિંગાળા મિતુંલભાઈ ગણાત્રા મયુરભાઈ બોઘરા તેમજ તેમજ એડવાઈઝરી કમિટી ટીમ તેમજ સમગ્ર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ ની ટીમ દ્વારા અમરેલી જિલ્લાના સર્વે વેપારી ભાઈઓને વિનંતી સાથે અપીલ કરીએ છીએ કે ૨૨.૦૧.૨૦૨૪ ને સોમવારના રોજ આપ અડધો દિવસ આપના વેપાર ધંધા બંધ રાખી આપના શહેરની અંદર શોભાયાત્રા હોય મંદિરની અંદર કાર્યક્રમો હોય કે ભગવાન રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને કોઈ પણ કાર્યક્રમમાં સહભાગી થાઓ અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ને ભવ્યથી ભવ્ય રીતે આપણે સૌ સાથે મળીને ઉજવીએ તે માટે આપ સૌને વિનંતી કરીએ છીએ કે અડધો દિવસ માટે આપણા ધંધા રોજગાર બંધ રાખીએ સાથે તાલુકા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રીઓને પણ વિનંતી છે કે આપ આપના શહેરની અંદર આ પ્રકારે વેપારીઓને વિનંતી સાથે અપીલ કરો એવી આપને પણ વિનંતી છે અને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આપણે સૌભાગ્ય બની સહકાર આપીએ એવી આપને વિનંતી છે મહામંત્રી રાજુભાઈ શિંગાળા મયુરભાઈ બોઘરા મિતુલભાઈ ગણાત્રા ની યાદી જણાવે છે

## સાવરકુંડલામાં આહિર સમાજે આવેદન પત્ર પાઠવ્યું

**અટલધારા કાર્યાલય ખાતે ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા સાથે ચર્ચા કરી**



સાવરકુંડલા,
સાવરકુંડલા આહીર સમાજ સતત વિકાસ ભણી હરણફાળ ભરી રહ્યો છે જેની સાબિતીરૂપે તારીખ ૧૮/૦૧/૨૦૨૪ના રોજ તેના દ્વારા ગૌરવવંતી એવી એક નહી પણ ત્રણ કામગીરી કરવામાં આવી હતી. તારીખ ૧૮/૦૧/૨૦૨૪ના સાંજે ચાર વાગ્યે સાવરકુંડલા અને લીલિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની ઓફિસ 'અટલધારા' ખાતે રામમંદિર ઉત્સવ અંગેની અગત્યની મિટિંગમાં સાવરકુંડલા આહીર સમાજનાં કુલ ચાર પ્રતિનિધિઓએ હાજરી આપી હતી અને માનનીય ધારાસભ્ય સાથે આ અંગે ચર્ચા કરી હતી. તારીખ ૧૮/૦૧/૨૦૨૪ના સાંજે છ વાગ્યે સાવરકુંડલા આહીર સમાજે આહીર એકતા મંચના માધ્યમથી મામલતદાર કચેરીએ જઈ એક ખૂબ અગત્યના સામાજિક મુદ્દા અંગે આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર મુજબ જ્યારે તારીખ ૨૨/૦૧/૨૦૨૪ના રોજ આખો દેશ રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઉજવાતો હોય ત્યારે એક દિવસ સમગ્ર શહેરમાં માંસ મટન ન વેચાય તેની તકેદારી રાખવાની ભલામણ કરવામાં આવી હતી. તારીખ ૧૮/૦૧/૨૦૨૪ના સાંજે સવા છ વાગ્યે સાવરકુંડલા આહીર સમાજે સાવરકુંડલા આહીર સમાજનાં યુવક - યુવતીઓ માટે જી.કે.ના વર્ગોનું ઉદ્દઘાટન કરેલ.આમ સાવરકુંડલા શહેરમાં નાની સંખ્યામાં હોવા છતાં આહીર સમાજ એક અનોખી છાપ છોડી રહ્યો છે અને સમગ્ર સમાજને એક નવી દિશા ચીંધી રહ્યો છે.

### અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ અંતર્ગત

## ચિતલ જસવંતગઢમાં અક્ષત કળશ યાત્રાનું સ્વાગત કરાયું

**વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ દ્વારા શોભાયાત્રા નિકળી : બાઇક રેલી : ઠેર ઠેર સ્વાગત**



ચિતલ,
ચિત્તલ જસવંતગઢ ખાતે ભવ્ય અક્ષત કળશ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું..આવનાર ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે શ્રી રામચંદ્ર ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાઈ રહ્યો છે ત્યારે સમગ્ર ભારતમાં ભગવો લહરાશે એ ઉત્સવના ભાગરૂપે આજે ચિત્તલ જસવંતગઢ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ આયોજિત ભવ્ય કળશયાત્રાનું પ્રસ્થાન જસવંતગઢ રામજી મંદિરથી ચિત્તલના ધારેશ્વર મંદિર સુધી કરવામાં આવ્યું.

આ કળશ યાત્રા નું પ્રસ્થાન માન્ય શ્રી વિધાનસભાના ઉપદંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા ભગવાન શ્રીરામના નારા સાથે કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, મઠમંદિર સંયોજક પ્રતાપસિંહ રાઠોડ, રશ્મિનભાઈ ત્રિવેદી, જે.બી દેસાઈ, જશવંતગઢ સરપંચ અશોકભાઈ માંગરોળીયા, ચિતલ ઉપસરપંચ રઘુવીરસિંહ સરવૈયા, વિદુરભાઈ ડાબસરા, અશ્વિનભાઈ વાઢેર, બજરંગ દળ પ્રમુખ મહાવીરભાઈ વિંછીયા, પંકજભાઈ ત્રિવેદી, રમેશભાઈ સોરઠીયા, જયેશભાઈ નાકરાણી ચેરમેન પ્રવીણભાઈ માંગરોળીયા, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, વેપારી એસોસિએશનના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા, જગદીશભાઈ માંગરોળીયા, ઉદયભાઈ દવે, બીપીનભાઈ દવે, બિપીનભાઈ માંગરોળિયા, જીતુભાઈ ખાતરા, મનુભાઈ અસલાલીયા, ભાવેશભાઈ દેસાઈ, માવજીભાઈ પરમાર, રવજીભાઈ મકવાણા, સુરજભાઈ પરમાર, હસમુખભાઈ ધાનાણી, જયેશભાઈ ભીમાણી, અશ્વિનભાઈ ભાલાળા સહિતના મોટી સંખ્યામાં જશવંતગઢ તેમજ ચિત્તલના ભાઈઓ જોડાયા હતા તેમજ બહેનો દ્વારા આ અક્ષત કળશ યાત્રાના વધામણા કરવામાં આવ્યા હતા.

**વાહ ક્યા સીન હૈ..!**



**ધ્વનીત**

ચલાલાના અનિલભાઈ તથા દક્ષાબેન માલવીયાના સુપુત્ર ધ્વનીતનો આજે જન્મદિવસ છે. દાદા બાવચંદભાઈ, દાદી ચંપાબેન, દાદા કાંતિભાઈ, દાદી નિતાબેન, દાદા પ્રવિણભાઈ, દાદી મધુબેન, કાકા જયભાઈ અને લક્ષ, ફઈ આસ્થાબેન સહપરિવાર ધ્વનીત હેપી બર્થડે પાઠવી કેક ખવડાવશે.

## અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રીએ મતદાન જાગૃતિ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

**નાગરિકોને ઈવીએમ અને વીવીપેટ દ્વારા મતદાન પ્રક્રિયાનું નિદર્શન અને સમજ આપવામાં આવી**

અમરેલી,
અમરેલી જિલ્લાના નાગરિકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવા તેમજ મતદાન પ્રક્રિયાની જાગૃતિના પ્રચાર પ્રસાર અર્થે મુખ્ય નિર્વાચીન અધિકારીશ્રીની કચેરીના માધ્યમથી ફાળવવામાં આવેલા ડિજિટલ રથને અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ શુક્રવારે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. શહેરના સેન્ટર પોઈન્ટ ખાતેથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ આ રથને પ્રસ્થાન કરાવી અને ઈ.વી.એમ. અને વી.વી.પેટ મતદાન પ્રક્રિયાની જાગૃતિ માટે નિદર્શન અર્થે મૂકવામાં



આવેલા સ્ટોલની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ નાગરિકોને પ્રોત્સાહિત કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આગામી સમયમાં યોજનારી દેશની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને મતદાન જાગૃતિ રથ જિલ્લાના વિવિધ મતવિસ્તારોમાં સમાવિષ્ઠ ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં નિયત રૂટ પર નિર્ધારિત સમય દરમિયાન પરીભ્રમણ કરશે. અમરેલી લોકસભામાં સમાવિષ્ટ મતવિસ્તારના નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવશે. સ્વસ્થ લોકશાહીમાં મતાધિકારનો ઉપયોગ કરી નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં મોટી સંખ્યામાં સહભાગી થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કટીબદ્ધ છે.

### અવસાન નોંધ

ચલાલા

ચાંદગઢનાં હાલ અમરેલી રહેતા કિરિટભાઈ બી. ઠાકર ઉ.વ. ૬૩ નું તા.૧૮ ના અવસાન થયુ છે. સદગતનું બેસણું તા. ૨૦ શનિવારે રામેશ્વર મંદિર મધુવન પાર્ક લાઠી રોડ અમરેલી રાખેલ છે.

### સનાતન ધર્મનાં અલૌકિક ઉત્સવ નિમિતે

## બાબરા શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં વિવિધ મનોરથ

બાબરા, (દિપક કનૈયા)
બધા લોકોને સનાતન ધર્મની સુરક્ષા માટે લાખ લાખ સાધુવાદ છે. પ.પુ.ગો.૧૦૮ શ્રી ત્રિલોકિભૂષણલાલ મહારાજશ્રી સનાતન હિન્દુ ધર્મના આ અલૌકીક ઉત્સવથી અતિ પ્રસન્નતા અને આનંદનો અનુભવ કરે છે.આપશ્રી ની આજ્ઞાથી શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી બાબરામાં આ શુભ દિવસે દિવ્ય મનોરથો પ્રભુને વિનિયોગ થશે. રાજભોગમા પ્રભુને તિલક, શહેરમાં પ્રભુની વર્ણાગી (શોભાયાત્રા) તેમજ શયન મા વિશેષ મનોરથ થશે.

પૂ. મહારાજશ્રી દરેક વૈષ્ણવો અને ભકતજનોથી આ ઉત્સવ ખૂબ દિવ્યતાથી ઉજવવા અને સનાતન હિન્દુ ધર્મની શાખ વધારવા સહૃદય અપેક્ષા રાખે છે.

## લાઠી બાબરામાં નબળા પુરવાર થયેલા ધારાસભ્ય મોતનો મલાજો પણ જાળવી શક્યા નથી : પુર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ બિપીન વસાણી

**લાઠી બાબરામાં ઉડીને આંખે વળગે તેવુ એકપણ કામ ધારાસભ્ય મંજુર કરાવી શક્યા નથી**



બાબરા, કોંગ્રેસના અગાઉનાં ધારાસભ્યશ્રી વિરજીભાઈ ઠુંમરે લાઠી અને બાબરા વિસ્તારનાં અનેક રસ્તાઓ મંજુર કરી આ વિસ્તાર એક મહત્વનો વિસ્તાર બનાવ્યો છે. તેમના મંજુર થયેલા રસ્તાનાં કામો ૫ વર્ષે પુરા થશે તો લાઠી - બાબરા એક મહત્વનો વિસ્તાર બનશે તેવી લોકોમાં એક આશા છે. પંચાળ વિસ્તારને રૂપકડો વિસ્તાર બનાવવા માટે અનેક રાજયધોરીમાર્ગ, પહોળાઈ વાળા રસ્તા તેમજ નોનપ્લાન રસ્તાઓ મંજુર કરાવી આ વિસ્તારને જે મહત્વનો વિસ્તાર બનાવ્યો છે તેના અમો સાક્ષી છીએ તેમ જણાવી શ્રી બીપીનભાઈ વસાણી અને મુકેશભાઈ ભાલીયા એ એક પ્રેસ વિજ્ઞપ્તિ સાથે જણાવ્યું હતુ કે, એક વર્ષમાં લાઠી અને. બાબરા વિસ્તાર માટે નબળા પુરવાર થયેલા ધારાસભ્ય ઉડીને આંખે વળગે તેવું એકપણ કામ મંજુર કરાવી શકયા નથી. ત્યારે અગાઉનાં ધારાસભ્યે મંજુર કરેલા કામોના ખાતમુહુર્ત કરી રહ્યા છે સરકાર તેમની છે. ખાતમુહુર્તનો વિરોધ ન હોઈ શકે પરંતુ વડોદરા હરણી ખાતે ૧૪ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક મોતને ઘાટ ઉતર્યા છે તેમની અંતિમ ક્રિયા પણ બાકી છે તેવા સમયે નબળા પુરવાર થયેલા અને કમા ની છાપ વિસ્તારમાં પડી છે એવા ધારાસભ્ય એ પ્રતિષ્ઠાની લ્હાયમાં મોતનો મલાજો પણ જાળવાનો ભુલ્યા છે આવા સમયે શોક જાળવવાને બદલે ધારાસભ્ય તેમજ ભાજપનાં કાર્યકર્તાઓ કયાં મોઢે ખાતમુહુર્ત કરી રહ્યા છે. તેવા વેધક પ્રશ્ન સાથે પંચાળની જનતા, બાબરા તાલુકાની જનતા અને લાઠી તાલુકાની જનતા તેમજ સંસ્કારની વાત કરનારા પાર્ટીના ધારાસભ્ય તેમજ કાર્યકર્તાઓ આ કયાં સંસ્કાર છે તે જનતા જાણવા માંગે છે તેમ જણાવી શ્રી વસાણી અને શ્રી ભાલીયા એ અંતમાં જણાવ્યું હતું કે, કશુંન કરી શકો તો કાંઇ નહી પરંતુ તમારા પાપે અનેક નવલોહીયા મોતને ઘાટ ઉતરી રહ્યા છે તેમનો તો મલાજો જાળવો તેમના વાલીઓ જે સિંચો નાખી રહ્યા છે તે ૨૪ કલાકમાં કેમ ભુલી રહ્યા છો તેવા દુઃખ સાથે આ નિવેદનમાં જણાવ્યું હતું.

## બાબરાનાં નાની કુંડળથી ઇતરીયા-વલારડીથી ચિતલના રોડનુ ખાતમુહૂર્ત કરતા ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયા

**જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઇ સુતરીયા, નિતિનભાઈ રાઠોડ અશોકભાઇ રાખોલીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા**



બાબરા, (દિપક કનૈયા) બાબરા જીલ્લા પંચાયત કરીયાણા બેઠક નિચે આવતા નાની કુંડળ થી ઈતરીયા અને વલારડી થી ચિતલ રોડ નુ આજે બાબરા લાઠી દામનગર બાબરા ના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ જીલ્લા પંચાયત ના જાગૃત સભ્ય જોસના બેન નીતિનભાઈ રાઠોડ દ્વારા સરકાર સમક્ષ તેમજ જીલ્લા પંચાયત અને ધારાસભ્ય શ્રી ને રજુઆત કરવામાં આવી મંજૂરી મળતાં ખાતમુહૂર્ત કરાયું હતું.

આતકે જીલ્લા પંચાયત ના પ્રમુખ ભરતભાઈ સુતરીયા જીલ્લા ભાજપ ના આગેવાનો નિતિનભાઈ રાઠોડ, ભુપેન્દ્રભાઈ બસિયા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા જીલ્લા પંચાયત ના સભ્ય હીંમતભાઈ દેત્રોજા તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા , તાલુકા ભાજપ આગેવાન મધુભાઈ ગેલાણી કાન્તિભાઈ દેત્રોજા, કીરીટ બગડા સહીત આગેવાનો ગ્રામજનો પંચાયત ના સદસ્યો સહિત ઉપસ્થિતિ રહ્યા હતા રોડ મંજૂર થતાં અને કામગીરી ચાલુ થતા જીલ્લા પંચાયત ના કરીયાણા બેઠક ના સભ્ય જોસના બેન નીતિનભાઈ રાઠોડ ને ગ્રામજનો દ્વારા અભિનંદન પાઠવ્યા હતા તેમજ પાંચાળ પંથકના ગામોમાં અડધી રાતે ના હોંકારા સમાન આગેવાન નિતિનભાઈ રાઠોડ ને સમગ્ર પાંચાળ પંથકના ગામોમાં થી સારી કામગીરી બદલ શુભેચ્છા મળી રહી છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### આગામી ૨૧મીએ ગુજરાત વહીવટી સેવા આયોગ દ્વારા આદિજાતી વિકાસ અધિકારી વર્ગ-૨ ની પરીક્ષા યોજાશે

ભુજ,
ગુજરાતજાહેર સેવા આયોગ દ્વારા આદિજાતી વિકાસ અધિકારી વર્ગ-૨ ની પરીક્ષા આગામી તા. ૨૧મી જાન્યુઆરી-૨૦૨૪ના યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રાના સ્થીળ તથા તેની આજુબાજુના વિસ્તાારમાં સલામતીની વ્યયવસ્થાર ગોઠવવા માટે પ્રતિબંધાત્મજક હુકમો જારી કરાયા છે.જિલ્લાંમાં ઉપરોકત પરીક્ષા, પરીક્ષાર્થીઓ અસામાજિકતત્વોાના ત્રાસ અને ભય વિના આપી શકે તેમજ પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજિક તત્વોાના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યાવસ્થાસ જળવાઈ રહે અને કોઈ અનિચ્છરનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપીરાઈટ/ડૂપ્લીમકેટ પ્રશ્નકપત્રો કે તેના ઉતરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધિત પગલાં લેવા માટે અધિક જિલ્લાં મેજિસ્ટ્રે ટશ્રી મિતેશ પંડયા એ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ તેમને મળેલ સતાની રૂએ પ્રતિબંધો ફરમાવ્યા છે. જેમાં અનુસૂચિ મુજબ ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, માતૃછાયા કન્યા વિધાલય, શેઠ વી.ડી.હાઈસ્કૂલ, માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિધાલય, મા આશાપુરા ગુજરાતી હાઈસ્કૂલ, સેન્ટ એન્ડ્રયુસ હાઈસ્કૂલ, ચાણકય એકેડમી, જૈનાચાર્ય અજરામરજી ઉચ્ચતર માધ્યમિક શાળા, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્રોની આસપાસની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તાડરમાં તા. ૨૧/૦૧/૨૦૨૪ (રવિવાર) ના સવારે ૯ વાગ્યાલથી સાંજના ૬ કલાક સુધી પ્રતિબંધો અમલમાં રહેશે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### કોડીનાર નગરપાલીકા દ્વારા ધાર્મિક સ્થળોની સફાઈ કરાઇ



ગીર સોમનાથ, સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સુત્રને સાર્થક કરતી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોડીનાર નગરપાલીકા દ્વારા ધાર્મિક સ્થળોની સાફ સફાઈ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત કોડીનાર નગરપાલિકા દ્વારા બાપેશ્વર મહાદેવ અને સિધ્ધનાથ મહાદેવ મંદિરની આસપાસની સાફ સફાઈ કરાઈ હતી. જેમા કોડીનાર નગરપાલીકા દ્વારા ધાર્મિક સ્થળોએ સફાઈ અભિયાન અંતર્ગત કોડીનાર શહેરમાં બાયપાસ પાસે બાપેશ્વર મહાદેવ અને સિધ્ધનાથ મહાદેવ મંદિરની આસપાસની સાફ સફાઈ કરવામાં આવી હતી

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જૂનાગઢમાં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી માટે તંત્ર દ્વારા કરાતી પૂર્વ તૈયારીઓ

**જૂનાગઢ રોશનીથી ઝળહળી ઉઠશે : રંગબેરંગી લાઈટિંગ સહિતની કરાતી કામગીરી**

જૂનાગઢ,
પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણી માટે જૂનાગઢ જીલ્લો યજમાન બન્યો છે ત્યારે ગરિમામય માહોલમાં આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી થાય તે માટે કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણીની પૂર્વ તૈયારીઓ પૂરજોશમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. જૂનાગઢ માટે ગૌરવ રૂપ આ ઉજવણીને અનુલક્ષીને સરકારી કચેરીઓને નવા રંગરૂપ આપવામાં આવી રહ્યા છે. સમગ્ર શહેર રોશનીથી જગમગી ઊઠે તે માટે સરકારી કચેરીઓ સહિતના સ્થળે રંગબેરંગી લાઈટિંગ ઉપરાંત સફાઈ અને રંગ રોગાન માટેની કામગીરી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે આયોજિત જુદા-જુદા કાર્યક્રમો માટે મંડપ-ડોમ, બેઠક વ્યવસ્થા, સ્ટેજ, પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ તંત્ર દ્વારા પૂરજોશમાં કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ રાજ્ય કક્ષાની સુચારૂ ઉજવણી માટે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં મુખ્ય સંકલન સમિતિ સહિત કુલ-૨૦ જેટલી કમિટીઓની રચના કરવામાં આવી છે. પ્રજાસત્તાક દિન નિમિત્તે તા. ૨૫-૧-૨૦૨૪ના રોજ એટહોમ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવે છે. એટહોમ કાર્યક્રમમાં જિલ્લાના પ્રતિષ્ઠિત અને ગણમાન્ય નાગરિકો સહભાગી બનશે. જ્યારે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો જૂનાગઢ જિલ્લાની જાહેર જનતા નિહાળી શકશે. આ કાર્યક્રમો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટ સંકુલના મેદાન ખાતે યોજવામાં આવશે. ૨૬મી જાન્યુઆરીએ બિલખા રોડ પરની પોલીસ તાલીમ મહાવિદ્યાલય ખાતે ધ્વજવંદન કરવામાં આવશે. ધ્વજવંદન બાદ શિસ્તબદ્ધ રીતે પરેડ અને દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે.

## અમરેલીનાં તબીબી જગતનાં ગાયનેક ફિલ્ડમાં કુશળ અને અનુભવી એવા શ્રીમતિ કિર્તીબેન કાનાબારની ચિર વિદાયથી ઘેરો શોક

# ડૉ.ભરત કાનાબારનાં ધર્મપત્નિ કિર્તીબેન કાનાબારનું નિધન

### મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, શ્રી પરશોતમભાઇ રૂપાલા, શ્રી દિલિપભાઇ સંઘાણી સહિતના રાજકીય મહાનુભાવોએ ડૉ. ભરતભાઇ કાનાબારને શોક સંદેશા દ્વારા સાંત્વના પાઠવી

### શ્રીમતિ કિર્તીબેનનાં ચક્ષુનું દાન કરાયું : અંતિમ યાત્રામાં રઘુવંશી સમાજ, રાજકીય મહાનુભાવો, પત્રકારો, વિવિધ ક્ષેત્રના આગેવાનો, વેપારીઓ, અને તબીબો જોડાયા : રવિવારે પ્રાર્થનાસભા









અમરેલી, ગુજરાત પ્રદેશ ભાજપનાં આગેવાન અને વિચારક તથા સફળ સર્જન ડો. ભરતભાઈ કાનાબારના હમસફર અને તેમને ડગલે પગલે સાથ આપનારા તેમના ધર્મપત્નિ શ્રીમતિ કિર્તિબેન કાનાબારનું નિધન થતા ઘેરો શોક વ્યાપી ગયો છે. સદગતની અંતિમ યાત્રામાં વિશાળ સંખ્યામાં વિવિધ ક્ષેત્રના આગેવાનો વેપારીઓ, તબીબો સહિત જોડાયા હતા. અને કાનાબાર પરીવારને સાંત્વના પાઠવી હતી.

ડો. ભરતભાઈ કાનાબારના પત્નિ શ્રીમતિ કિર્તિબેનની ગાયનેક ક્ષેત્રમાં નામના હતી તેઓની પાસે આવતા પ્રસુતિના કેસોમાં તેમની કુશળતાને કારણે તેમનું આદરથી લેવાતુ હતુ. આજથી ૬ મહિના અગાઉ ગત ૨૨ જુલાઈના રોજ તબીયત લથડતા રાત્રે હોસ્પિટલમાં ખસેડાયા હતા ત્યારથી લાંબા સમય સુધી ડો. ભરતભાઈ કાનાબારે તેમની સારવાર કરાવી હતી આજે સવારે અચાનક તેમનું હદય બંધ થઈ ગયુ હતુ.

ડો. કાનાબાર અને સદગતના પરિવારજનો દ્વારા શ્રીમતિ કિર્તીબેનનું ચક્ષુદાન કરવામાં આવ્યુ હતુ. તે સંવેદન ગૃપ દ્વારા ૧૦૦ મું ચક્ષુદાન સ્વીકારવામાં આવ્યુ હતુ.

સદગતની અંતિમ યાત્રા તેમના નિવાસ સ્થાનેથી ચાર કલાકે નીકળી હતી. અને કૈલાસ મુકિતધામ ખાતે કિર્તિબેનનો નશ્વરદેહ પંચમહાભુતમાં વિલિન થઈ ગયો. આ અંતિમ યાત્રામાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશીકભાઈ વેકરીયા, પુર્વ મંત્રી શ્રી બાવકુભાઈ ઉંધાડ, અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, પુર્વ નગરપતિ શ્રી ભાસ્કરભાઈ શુકલ, પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હિરેન હીરપરા, અમર ડેરીના ચેરમેન અને ભાજપનાં મોભી શ્રી અશ્વિન સાવલીયા, ચલાલા પાલિકાના પુર્વ પ્રમુખ શ્રી હિંમતભાઈ દોંગા, શ્રી પ્રકાશ કારીયા, શ્રી જયરાજભાઈ વાળા, શ્રી દિનેશ પોપટ, શ્રી બિપીનભાઈ જોષી, શ્રી તુલસીભાઈ મકવાણા, શ્રી તેજસ દેસાઈ, ડો. રાજુ કથીરીયા, ડો. એસ.આર. દવે, શ્રી પુનાભાઈ ગજેરા, શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શ્રી રવુભાઈ ખુમાણ, શ્રી પી.પી.સોજીત્રા, શ્રી જે.પી. સોજીત્રા, અમરેલીનાં તબીબો, રઘુવંશી સમાજના આગેવાનો, વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, વેપારીઓ, તબીબી સહિત મિત્ર વર્તુળે જિલ્લાભરમાંથી અંતિમ યાત્રા જોડાઈ કાનાબાર પરીવારને સાંત્વના પાઠવી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.સદગતની પ્રાર્થનાસભા તા.૨૧ રવિવાર બપોરે ૩ થી ૬ દરમિયાન અજમેરા હાઈસ્કુલ ખાતે રાખેલ છે.

ભાજપના પ્રદેશ અગ્રણી ડો. ભરતભાઈ કાનાબારને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભારત સરકારના કેબીનેટ મંત્રી શ્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સહિતના રાજકીય મહાનુભાવોએ સંદેશા દ્વારા શોક વ્યક્ત કરી અને ડો. ભરતભાઈ કાનાબારને સાંત્વના પાઠવી હતી.


... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ, નામ ટ્રાન્સફર + પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર
સ્થળ : ચોથો માળ, નવા બસ સ્ટેન્ડની સામે, સિટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ચકાભાઈ ભેળવાળાની ઉપર, અમરેલી. Mo. 94099 29395
વિનામૂલ્યે રોજગારી તથા સ્વાવલંબન મેળવવા માટે પ્રશિક્ષણ મેળવવા ૫ પાસ/૮ પાસ/૧૦ પાસ/ ૧૨ પાસ તથા સ્નાતક કોઈપણ વ્યકિત માટે સુવર્ણ તક...
૧૫ થી ૪૫ વર્ષનાં કોઇપણ વ્યક્તિ આ કોર્ષ કરી શકશે
• ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ નો કોર્ષ બિલકુલ ફ્રી
• ભારત સરકાર માન્ય સર્ટીડીકેટ
• નોકરીની તક ૨,૦૦,૦૦૦ નો વીમો ૩ વર્ષ માટે બિલકુલ ફ્રી
ફ્રી | ક્રમ | કોર્ષ | ફ્રી
૧. બ્યુટી પાર્લર
૨. સિવણ કામ
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્ય શરૂ છે.
વધુ માહિતી માટે કોલ કરો : Mo. 94099 29395
એડમિશન સમય : સવારે ૧૦ થી સાંજે ૫ સુધી સંસ્થા પર આવીને રૂબરૂ મળવું.
જરૂરી પુરાવા : આધાર કાર્ડની કલર ઝેરોક્ષ-૨, બેંક પાસબુક ઝેરોક્ષ-૧, માર્કશીટ ઝેરોક્ષ-૧, ફોટા-૨

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત
॥ ધ્વજવંદન નિમંત્રણ ॥
૭૫ માં પ્રજાસત્તાક દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધ્વજવંદન બાદ સંસ્થાનાં સ્ટુડન્ટ્સ દ્વારા માર્ચપાસ્ટ, સમૂહ કવાયત, યોગાસન અને જિમનાસ્ટીકનાં કાર્યક્રમ રજૂ થશે. સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ્, પેરન્ટસ્ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.
:: ધ્વજ વંદન :: માનનીયશ્રી પી. પી. સોજીત્રા (સર્વમાન્ય નેતાશ્રી, અમરેલી)
:: અધ્યક્ષ સ્થાન :: માનનીયશ્રી દિનેશભાઈ ભૂવા (પ્રમુખશ્રી, લેઉવા પટેલ સમાજ, અમરેલી)
:: અતિથિ વિશેષ ::
શ્રી નાનુભાઈ બાંભરોલીયા – ટ્રસ્ટી, મા ફાઉન્ડેશન–વાપી
ડૉ. ભરતભાઈ કાનાબાર – રેડક્રોસ બ્લડબેંક
શ્રી વસંતભાઈ મોવલીયા – ટ્રસ્ટી, ખોડલધામ
શ્રી મુકેશભાઈ સંઘાણી – તપોવન આશ્રમ
શ્રી વજુભાઈ ગોલ – ટ્રસ્ટી, ઉમીયાધામ
:: રાજસ્વી ગૌરવ ::
શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – કેન્દ્રીય મંત્રીશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી નારણભાઈ કાછડીયા – સાંસદશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી કૌશિકભાઈ વેકરીયા – ના. ઉપદંડકશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંઘાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી ભરતભાઈ સુતરીયા – પ્રમુખ જી.પંચાયત
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી કિશોરભાઈ કાનપરીયા – પ્રમુખ તા.પંચાયત
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી
શ્રી બિપીનભાઈ લિંબાણી – પ્રમુખ ન.પાલીકા
શ્રી રાજેશભાઈ કાબરીયા – પ્રમુખ જી.ભાજપ
શ્રી પ્રતાપભાઈ દુધાત – પ્રમુખ જી.કોંગ્રેસ
તા. ૨૬/૦૧/૨૦૨૪ ને શુક્રવાર, સવારે ૦૯:૦૦ કલાકે.
શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી.
:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી
- Ad 078

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥

ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર કલેકશન
એક જ ભાવ
વિન્ટર ટી-શર્ટ, વુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન (નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf

Car Stand | Wall Decor Frame | Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

૧૦૦% શુધ્ધ ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
રીફાઇન્ડ છોડો... આપનું તથા આપના પરિવારનું સ્વાસ્થ્ય બચાવો...
અનરીફાઇન્ડ 'ઉત્સવ' જી-૨૦ મગફળીનું જ સીંગતેલ તેમજ તલતેલ
ફક્ત કોટનનાં કપડે ગાળેલુ તેલ,
સંપુર્ણ ગેરેંટી સાથે બારેમાસ ભરવાલાયક તેલ
એક ડબો મંગાવો અને ન ફાવે તો એક કિલો વાપરેલ ડબાનાં પુરા પૈસા પરત મેળવો : એક વાર અવશ્ય ટેસ્ટ કરો
અનરીફાઇન્ડ તેલના ફાયદાઓ
- અનરીફાઇન્ડ તેલમાં કોઇપણ પ્રકારના કેમીકલ ઉમેરવામાં આવતા નથી.
- કોઇપણ પ્રકારની કેમીકલ પ્રક્રિયા કરવામાં આવતી નથી.
- સાદી પ્રક્રિયાથી જ ગાળણ કરવામાં આવે છે.
- અનરીફાઇન્ડ તેલ કોલેસ્ટ્રોલ લેવલ જાળવી રાખે છે.
- બલડ પ્રેશરનું લેવલ જાળવી રાખે છે. હદયની બિમારી અટકાવે છે.
- વિટામીન E ની માત્રા હોવાથી ચામડીના રોગો અટકાવે છે.
- અનરીફાઇન્ડ તેલ કેન્સર સામે લડવા ઉપરાંત તમારી પાચનક્રિયાને મજબુત કરે છે. તેમજ હાડકા મજબુત બનાવે છે.
- ડેમેજ વગરની પ્યોર જી-૨૦ (વીસ નંબર) સીંગ ફોલીને આખા દાણાનું ફક્ત ફીલ્ટર કરેલું ઘાણીનું સીંગતેલ.
- ૧ લીટર, ૫ લીટર, ૧૫ કિલો, ૯૨૦ ગ્રામના પેકીંગમાં ઉપલબ્ધ.
-: સ્થળ :- રાધેશ્યામ બાયપાસ ચોકડી, શિવધારા મારબલની બાજુમાં, (ઉત્સવ મીની ઘાણીનું તેલ) અમરેલી સહજાનંદ સખરેલીયા ૯૪૨૬૯ ૬૧૦૦૬, ૯૮૭૯૦ ૫૬૬૦૫
-: સ્થળ :- મહાદેવપરા પાણીના ટાંકા પાસે, વડેરા ૯૭૨૭૩ ૮૩૧૫૫, ૯૯૭૮૫ ૧૪૧૩૩

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

